R.N.I. No. 14593/1957

# પગદંડી
PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 5 - AUGUST 2021 - 52 PAGES - RS. 15/-



KOTESHWAR MAHADEV

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

ઑગસ્ટ ૨૦૨૧

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| પુનઃ સ્થાપન | ............................................... | ૫ |
| પગદંડીને પત્ર............................................. | વાચકોના પત્ર........................... | ૯ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| ડૉ. ધીરજ છેડા | શાંતિલાલ ગઢિયા ....................... | ૧૦ |
| પગદંડી ..... | મુલચંદ હીરજી મારૂ .................... | ૧૧ |
| ઍક્સપાયરી ડેટ........................................... | ગુલાબ દેઢિયા............................ | ૧૩ |
| કાં તો મને ઈશ્વર બનાવી દે ............................ | CA સંજય વિસનજી છેડા............... | ૧૫ |
| શીલની રક્ષાનું પ્રેમબંધન................................. | દેવચંદ ગાલા - સાગર સાથી | ૧૮ |
| ગામાઈ ગામાઈ........................................... | વસંતલાલ દામજી દેઢિયા.............. | ૨૨ |
| કચ્છના ઈતિહાસના પાનેથી ........................... | પ્રેષક : વસંત લીલાધર કચ્છ કેસરી | ૨૬ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૦ |
| મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે ....................................... | ડૉ. મણિલાલ ગડા....................... ડૉ. દીપ્તિ શાહ (ગડા).................. | ૩૪ |
| જીવનનું અણમોલ ઘરેણું ''વૃદ્ધાવસ્થા''............... | હેમા વીરા ......................... | ૩૮ |
| Camera : A Mirror full of Memories ............. | Khyati Anil Haria ...................... | ૪૦ |
| ઉર્મિલલહર................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૪૪ |
| સાંત્વન...................................................... | ............................................... | ૪૮ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

## "આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
## એ ઉત્સુકતાનો અંત આવે
## જ્યારે મહેમાન
## ગાલા કેટરર્સ નો ટેગ જોયે
## "જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ

## ડેસ્ટીનેશન વેડિંગ

આપના પ્રસંગોને બનાવો યાદગાર.

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spot.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## પુનઃ સ્થાપન

અનંતકાળથી સૃષ્ટિનો ક્રમ અચલિત અને વણથંભ્યો છે. સર્જન, વિસર્જન અને નવસર્જનનો આ ક્રમ કોઈ અપવાદ વિના ચાલે છે. ક્યારેય કશું નવું ઉત્પન્ન થતું જ નથી. દૃશ્યમાન થતી ઉત્પત્તિ એ કેવળ નવનિર્મિતિ છે. સૃષ્ટિનાં તમામ અંગોમાં જ્યાં સુધી સંવાદિતા જળવાય છે ત્યાં સુધી સૃષ્ટિનો ક્રમ કશાય ઉત્પાત વિના સરળતાથી વહન કરે છે, પરંતુ જ્યારે સૃષ્ટિનું કોઈ પણ અંગ આ સહજતાપૂર્વક ચાલતાં ચક્રોમાં અવરોધક બને છે ત્યારે આ ચક્રગતિમાં વિક્ષેપ પડે છે, ગતિ ખોરવાય છે અને સૃષ્ટિમાં ઉત્પાત સર્જાય છે.

સૃષ્ટિનો આ સ્વયં-નિર્મિત સર્જન, વિસર્જન અને નવસર્જનનો ક્રમ માનવીનાં તમામ સર્જનને પણ સમાનપણે લાગુ પડે છે. માનવી દ્વારા નિર્માણ પામેલાં નગરો, કિલ્લાઓ, મહેલો, ભવ્ય આવાસો, મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા, ચર્ચ તમામે તમામ કાળગ્રસ્ત થતાં જ રહે છે. કાળના પ્રવાહથી આ તમામે તમામ માનવીય સર્જનને ઘસારો લાગે છે, કોહવાટથી એ ખવાય છે, જર્જરિત થઈ એનો ધ્વંસ થાય છે, અને ભૂકંપ જેવી કુદરતી ઘટનાઓમાં એ નામશેષ પણ થાય છે, પરંતુ પ્રજ્ઞાવંત માનવી જાણે છે કે આ સઘળાં સર્જન સાથે તો માનવ–ઈતિહાસ, એની ઉત્ક્રાંતિની કથા વણાયેલી છે. આપણી સંસ્કૃતિ અહીં સંગોપિત થયેલી છે. પ્રજાજીવન આ સંસ્કૃતિથી પલ્લવિત થયું છે, એનું ઘડતર થયું છે. આપણી સંસ્કૃતિની જાળવણી માટે, આ વારસાની માવજત અને જાળવણી થવી જ જોઈએ. રાષ્ટ્રીય સ્મારકો, મંદિરો, દેવળો અને દહેરાસરો, સરસ્વતી મંદિરો જ્યાં ક્યારેક જ્ઞાનની જ્યોત પ્રકાશિત થઈ રહી હતી, કિલ્લાઓ જ્યાં રાષ્ટ્રસુરક્ષાના વ્યૂહો રચાયા હતા, મહેલો જ્યાં પ્રશાસને કોઈ વખત રાષ્ટ્રનિર્માણના નિર્ણયો લીધા હતા એની જાળવણી, જીર્ણોદ્ધાર અને પુનઃસ્થાપન કરી આપણે પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલ વારસાને સાચવી શકશું.

આજે દેશમાં આપણા આ સાંસ્કૃતિક વારસાનાં સ્મારકોની જાળવણી થઈ રહી છે. નિયમિત જાળવણી કે જીર્ણોદ્ધાર કે પછી પુનઃસ્થાપન પણ થઈ રહ્યું છે. આ કાર્ય સરકારો,

સેવા સંસ્થાઓ (N.G.O.), જ્ઞાતિ સંસ્થાઓ કે ધ્યેય નિર્દિષ્ટ સંસ્થાઓ/સમૂહો દ્વારા કરવામાં આવી રહેલ છે. આ તમામ કાર્યોમાં ગુણવત્તાનું ધોરણ, આર્થિક વ્યવહારો, રાજકારણીઓનાં હિત, અન્ય લાગતાં વળગતાંઓના હિત અને હસ્તક્ષેપ જેવા મુદ્દાઓનું અત્રે વિવરણ કરવાનો આશય નથી.

આજે પુનઃસ્થાપનનાં કાર્યોનું વિશેષ મહત્ત્વ છે. મૂળ આશય આપણા સાંસ્કૃતિક વારસાની, આપણી સંસ્કૃતિની જાળવણીનો છે. જ્યારે જીર્ણોદ્ધારની પ્રક્રિયા દ્વારા મૂળ માળખાને મૂળ સ્વરૂપે રાખી એની જાળવણી કરવી શક્ય ન હોય ત્યારે પુનઃસ્થાપન કરવું યોગ્ય ઠરે છે. અહીં મોટે ભાગે બને છે એવું કે સંબંધિતોના અભિગમ અને વલણ મુજબ આ પુનઃસ્થાપન થાય છે અને મૂળ સ્વરૂપ જળવાતું જ નથી અને જે નિર્માણ થાય છે એ કશુંક અલગ, નવું જ હોય છે. અહીં મૂળભૂતની યથાતથ જાળવણીનો મૂળ આશય વિસરી જવાય છે.

જીર્ણોદ્ધાર અથવા પુનઃસ્થાપનની પ્રક્રિયા દ્વારા મંદિરો અને આસ્થાનાં અન્ય સ્થાનોનાં માળખાંના બાહ્ય સ્વરૂપને જાળવવાના પ્રયાસ કરાય છે અને મહદઅંશે એમાં ધ્યેયપૂર્તિ થતી હોય છે, પરંતુ મૂળ આશય તો છે સંસ્કૃતિની જાળવણીનો. આપણાં મંદિરો કે આસ્થાનાં અન્ય સ્થાનો કેવળ સ્થાપત્યની બેનમૂન કૃતિઓ કે કલાની સૌંદર્યમંડિત રચનાઓ નથી, પરંતુ એ પવિત્ર સ્થાનો છે જ્યાંથી જ્ઞાનના વારિ વહેતા અને સંસ્કૃતિનું ચણતર અને ઘડતર થતું. પરંતુ આજે તો મોટે ભાગે આપણા સાંસ્કૃતિક વારસાના જતન કરતાં વિશેષ કેટલાકનો અહં પોષાય છે અને આપણા ભૌતિક વૈભવને પ્રદર્શિત કરવાની ભૂમિકા ઊભી કરાય છે. આજે આપણે મૂળને ઢાંકીને બાહ્ય કલેવરને ચળકાટભર્યો ઓપ આપી ગૌરવ અનુભવીએ છીએ.

આજે જ્યારે પુનઃસ્થાપનની વાત કરીએ છીએ ત્યારે એ જાણી લઈએ કે આપણી પાસે શું હતું અને શું ગુમાવી ચૂક્યા છીએ. આપણો ભવ્ય વારસો જે આપણા ઋષિ-મુનિઓ, તીર્થંકરો, સંતો અને પ્રજ્ઞાપુરુષોએ એમનાં ચિંતન, અધ્યયન અને પ્રખર સાધના દ્વારા સંપાદિત કરેલ અને અનેક ગ્રંથોમાં સંચિત કરેલ તે સઘળું ક્યાં છે? ઉપનિષદો, વેદો, આગમો અને અનેક ગ્રંથોમાં જ્ઞાનનો અખૂટ ભંડાર છે. શું આપણે આ અમૂલ્ય જ્ઞાનના વારસાને સંભાળી શક્યા છીએ? પશ્ચિમના વૈજ્ઞાનિકોએ કરેલું કેટલુંય સંશોધન આપણા ઋષિ-મૂનિઓએ રચેલા ગ્રંથોના આધારે થયેલું છે. કેટલુંય સંશોધન પશ્ચિમના વૈજ્ઞાનિકોના નામે ચડેલું છે જે આપણા ઋષિ-મુનિઓએ વર્ષો પૂર્વે કરેલું, પણ આપણે એ સમજવા જેટલા સક્ષમ પણ ન રહ્યા.

સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ સુધી આપણે આપણી શિક્ષણ-નીતિ પણ પ્રયોજી નથી શક્યા. આજે ૭૫ વર્ષ પછી આપણી સ્વતંત્ર શિક્ષણ-નીતિ રચી શક્યા છીએ. આઝાદીનાં ૭૫ વર્ષ સુધી અંગ્રેજોએ ઠોકી બેસાડેલી શિક્ષણ-નીતિને આધારે આપણા વિદ્યાર્થીઓને હાંકે રાખ્યા. આપણે આજે કેવળ એટલું આશ્વાસન લઈ શકીએ કે શિક્ષણ-નીતિના પુનઃસ્થાપનનો આરંભ થઈ ચૂક્યો છે.

અંગ્રેજોએ એમના શાસન દરમ્યાન એમની દૃષ્ટિએ એક ખૂબ કુનેહભર્યું કામ કર્યું. કોઈ પણ પ્રજાનું હીર હણી લેવું હોય તો એમની ભાષા છીનવી લેવી અને અંગ્રેજોએ આ કામ સિફ્તપૂર્વક કર્યું. આ દેશની તમામ ભાષોઓને હાંસિયામાં હડસેલી દઈ અંગ્રેજીને સૌની ઉપર થોપી દીધી. આમ આપણું સ્વત્વ આપણે ગુમાવી દીધું અને અંગ્રેજોએ પ્રજા પર ગુલામ મનોદશા જડબેસલાખ બેસાડી દીધી અને આ ગુલામીની મનોદશા આજના દિવસે પણ આપણે જીવી રહ્યા છીએ. આપણી આ દશાનું પુનઃસ્થાપન આપણે ક્યારે કરશું ?

આઝાદી પછી આપણા શાસકોએ એક એવું આત્મઘાતક વલણ દાખવ્યું છે કે આ દેશની અપ્રતીમ બૌદ્ધિક સ્તર ધરાવતી પ્રજા એનું કૌશલ દાખવી આગળ જ ન આવી શકી. શ્રેષ્ઠ બૌદ્ધિકસ્તર ધરાવતી આ દેશની પ્રજા હંમેશા પશ્ચિમની ઓશિયાળી રહી. આપણે ક્યારેય સંસ્કૃત ભાષાના મહત્ત્વને ઓળખી જ ન શક્યા અને શિક્ષણમાં આપણા પૂર્વજોની આ દેવભાષા સાથે ઓરમાયું વર્તન જ દાખવ્યું. આપણે એ પણ ન સમજી શક્યા કે આપણા પ્રાચીન ગ્રંથો જેમાં ઋષિ-મુનિઓએ એમના જ્ઞાનને ગ્રંથસ્થ કરેલ છે એમાંના મોટા ભાગના સંસ્કૃત ભાષામાં છે.

સંસ્કૃત ભાષાને બિન-મહત્ત્વની ભાષાને દરજ્જે સ્થાપિત કરી આપણે આપણી નવી પેઢી સાથે એક ગંભીર અપરાધ કરેલ છે. આજે માતા-પિતા એમનાં સંતાનોને ફ્રેંચ અને જર્મન ભાષા શીખવવા આતુર છે, પણ સંસ્કૃત ભાષાના શિક્ષણ પ્રત્યે એમનો અનાદર સમજી શકાય એમ નથી. આપણે માટે શરમજનક વાત તો એ છે કે જર્મની અને કેટલાક અન્ય દેશોમાં આપણા સંસ્કૃતમાં છપાયેલા ગ્રંથોનું ગંભીરતાપૂક અધ્યયન કરાય છે અને વિદ્યાર્થીઓને ત્યાં સંસ્કૃત શીખવા માટે પ્રોત્સાહિત કરાય છે. અને અહીં આપણું વલણ પૂર્ણપણે એનાથી વિપરીત છે. એક અનધિકૃત માહિતી પ્રમાણે મુંબઈની ભાગ્યે જ કોઈ કોલેજમાં સંસ્કૃત ભાષાના વિષય સાથે સ્નાતક થવાની સુવિધા છે અને મુંબઈની તમામ શાળાઓમાંથી બે થી ત્રણ શાળાઓમાં જ સંસ્કૃત ભાષાનું શિક્ષણ અપાય છે. જ્ઞાનની આવી અવહેલના! આપણે આપણા જ્ઞાનભંડારને ક્યારે પુનઃસ્થાપિત કરી શકશું ?

અહીં આપણે જૈન ધર્મના સિદ્ધાંતોની વિચારણા કરીએ. અહિંસા અને અપરિગ્રહ ઉપરાંત અનેકાંતવાદ એ જૈન તત્ત્વજ્ઞાનની અનોખી દેન છે. આ સિદ્ધાંત પ્રમાણે એક જ વિષય પર અલગ અલગ વ્યક્તિઓનું મંતવ્ય ભિન્ન હોઇ શકે અને આ ભિન્ન મંતવ્યને માન્ય ન કરીએ છતાં એનો અસહિષ્ણતાપૂર્વકનો અનાદર સર્વથા અનુચિત છે. ધર્મની ધ્વજા ફરકાવતા આપણા ધર્માનુરાગીઓ અનેકાંતવાદના જૈન સિદ્ધાંતનો અનાદર કરી એમની કઈ મનોદશા દાખવે છે? સામાન્યપણે એમની એક જ વાત હોય છે કે એમનું કહેવું શાસ્ત્રોક્ત છે અથવા એમનું વલણ ગુરુજનો દ્વારા પ્રમાણિત છે. અનેકાંતવાદ કહે છે તમે તમારી માન્યતાને સંપૂર્ણપણે વફાદાર રહો પણ અન્યના ભિન્ન મતનો પણ આદર કરો.

આચાર્યપ્રવર, મહાપુરુષ શ્રી સિદ્ધસેન દિવાકરજી કૃત ''દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા''માંથી કેટલાક ચૂંટેલા શ્લોકોનો મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજે કરેલ અનુવાદ અને એની પરનું વિવરણ આપણી મનોદશાની વિસંગતિ પર પ્રકાશ પાથરે છે. એનો ઉલ્લેખ કરવો યોગ્ય જણાય છે.

''દરેક કાર્યનાં બે પાસાં છે.: જ્ઞાન અને ક્રિયા. જ્ઞાન વિનાની ક્રિયા અને ક્રિયા વિનાનું પ્રચુર જ્ઞાન નિરર્થક છે.''

''પરસ્પર ભિન્ન જણાતાં વિધાનો/વિચારો અનેકાંતવાદમાં જોવા મળે. દરિયામાં નદીઓ પણ છે અને દરિયો પણ છે. નદીમાં દરિયો ભલે ન દેખાય, પણ દરિયામાં નદી છે એ સમજવું અઘરું નથી.''

''પોતાની માન્યતાથી અલગ માન્યતાને ધડ દઈને ખોટી અને વાહિયાત કહી દેનાર એની જડતા દાખવે છે.''

''વિચારવાનું બંધ કરવું એ આત્મઘાત છે.''

એ સમય આવી ગયો છે કે આપણે આપણા વિચારોને પ્રવૃત્ત કરીએ. આપણી જર્જરિત થઈ ચૂકેલી મનોદશાનો જીર્ણોદ્ધાર કરીએ. જેનું વિલોપન થયું છે એવા આપણા મૂલ્યોનું પુનઃસ્થાપન કરીએ. આપણી સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાનું વિસર્જન થઈ જાય એ પહેલાં એનું પુનઃસ્થાપન કરી લઈએ.

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## મા-બાપને ભૂલશો નહીં

એક ફોન ખૂબ જ હૃદયવિદારક હતો. મારા હૃદયને હચમચાવી નાખે એવો હતો. એક મોટી ઉંમરનાં બહેનનો એ ફોન હતો અને કહ્યું : વિસનજીભાઈ એક લેખ એ છોકરા (પુત્ર) - પુત્રવધૂઓ માટે લખો જે પોતાની માને તરછોડે છે અવગણે છે. ખૂબ જ ડરતાં હતાં એ બહેન-એટલે જ પોતાનું નામ, ગામનું નામ, કે મુંબઈમાં ક્યાં રહે છે એ જણાવ્યું નહીં મારા ધાર્યા પ્રમાણે કદાચ એમનાં દીકરા-વહુઓ આ વાંચી લે તે કદાચ એમને વધુ દુઃખ આપે.

મેં વિચાર કર્યો, આટઆટલા સાધુ - સાધ્વીજી વિહરમાન છે. સમાજને સત્માર્ગ બતાવી રહ્યાં છે. આટલાં બધાં ધર્મપુસ્તકો છે. મહાન તપસ્વી સાધુ-મહાત્માનાં વચનોને જ્યારે હૃદયમાં લોકો ઉતારતા નથી, તો મારું કોણ સાંભળશે ? છતાં એ બહેનનાં વચનોને શિરોમાન્ય કરી, એ સંતાનો જેઓ મા-બાપથી નારાજ છે તેમને એટલું જ કહીશ કે, ''ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં'' એ પ્રાર્થનાને વાંચો, વિચારો, એ પ્રાર્થનાને રોજ સાંજે સૂતી વખતે ''સાયં પ્રાર્થના'' તરીકે રોજ ગાઓ. એના અર્થને સમજો. માના ઉપકારને યાદ કરો. તમારા શરીરની ચામડીમાંથી જોડા (જુતા) બનાવી 'મા'ને પહેરાવો તોપણ એના ઋણ (કર્જ)માંથી તમે મુક્ત ન થઈ શકો. કુરાનમાં પણ કહ્યું છે, ''તમારું સ્વર્ગ તમારી 'મા'નાં ચરણોમાં છે.''

યાદ કરો પ્રભુ મહાવીરને, જેમણે 'મા'ને તકલીફ ન થાય માટે માતાના ઉદરમાં પોતાનું હલનચલન બંધ કર્યું, પણ જ્યારે અવધિજ્ઞાનથી જાણ્યું કે આનાથી તો માતાને ધ્રાસકો પડ્યો છે, માતા દુઃખી થઈ છે તો તેમણે તે જ વખતે ઉદરમાં જ પ્રતિજ્ઞા કરી કે મા-બાપ જીવિત હશે ત્યાં સુધી દીક્ષા નહીં. લઉં. (અંધશ્રદ્ધા નિર્મૂલનવાળા મહેરબાની કરી આને કોરી-ભ્રામક કલ્પના ન સમજે.)

અને જ્યારે એક વિધવા માતા પોતાનાં સંતાનોને ઉછેરી મોટાં કરે છે. ત્યારે તેમણે કેટલાં દુઃખ વેઠ્યાં હશે ? કેટલી તકલીફો સહન કરી હશે ? એ યાદ કરો.

'મા'એ તમને કેટલું આપ્યું એનો વિચાર કરો. બદલામાં એ બિચારી તમારી પાસે શું માગે છે. બે ટાઈમ જમણ, બે જોડી કપડાં અને બે મીઠાં - વહાલભર્યા શબ્દો! હે સજ્જન પુત્રો! તમે એટલા તો ગરીબ નથી જ કે આ ત્રણ વસ્તુ 'મા'ને ન આપી શકો.

હે પ્રભુ! મોટી ઉંમરનાં એ બહેન પર કૃપા કરજો.

સૌને સદ્બુદ્ધિ આપજો!

દશે દિશાઓથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાઓ.

OMEN-આમીન

વિસનજી જાદવજી ધરોડ
પત્રી - હાલે મલાડ
મોબાઈલ : ૯૩૨૦૮૪૮૮૪૫

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## ડૉ. ધીરજ છેડા

પગદંડી - જુલાઈ, '૨૧થી જાણવા મળ્યું કે તા. ૧૧-૬-૨૦૨૧ ના રોજ ડૉ. ધીરજભાઈ છેડા પરલોક સિધાવ્યા. છ વર્ષ પહેલાં ૨૦૧૫માં એમનો પરિચય થયો હતો. અમારી વચ્ચે ટેલિફોન પર અને પત્રવ્યવહારથી વાતચીત થતી.

અફસોસ કે છેવટ સુધી અમે પ્રત્યક્ષ મળી શક્યા નહિ. 'પગદંડી'માં એમની તસવીર જોઈ મન ભાવકલ્પનામાં સરી ઘડ્યું.

વડોદરાથી પ્રગટ થતા 'કુષ્ઠસેવા' સામયિકના સંપાદક મંડળ સાથે હું સંકળાયેલો છું. અમે દર વર્ષે એક સ્પર્ધાનું આયોજન કરીએ છીએ. કેન્દ્રસ્થ વિષય કુષ્ઠરોગ હોય છે. સ્પર્ધકો લેખિત રૂપમાં એન્ટ્રીઓ મોકલે અને નિર્ણાયકો તેનું મૂલ્યાંકન કરે. જુલાઈ, ૨૦૧૫માં 'સંવાદ અનુબંધ સ્પર્ધા' યોજવામાં આવી હતી. બે નિર્ણાયકોમાંના એક હતા ડૉ. ધીરજભાઈ છેડા. એમનો પરિચય મને 'પગદંડી' મારફત થયો હતો.

તેઓ 'પગદંડી'નો કાવ્ય વિભાગ

'ઊર્મિલહર' સંભાળતા. શરૂઆતમાં એમની કલમે એક પ્રસિદ્ધ કાવ્યનો રસાસ્વાદ હોય અને પછી જુદાજુદા કવિમિત્રોની કૃતિઓ.

ડૉ. ધીરજભાઈ તબીબ હોવા ઉપરાંત સાહિત્યા-નુરાગી હોઈ એમને સ્પર્ધાના નિર્ણાયક બનાવવાની મને ઉમેદ હતી. એમણે નિષ્ઠાપૂર્વક ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કર્યું હતું, એટલું જ નહિ, સંક્ષેપમાં પ્રતિભાવ પણ લખી મોકલ્યો હતો (તા. ૨૬-૮-૨૦૧૫),

ડૉ. ધીરજભાઈ સદા સ્મરણીય રહેશે. દુઃખની વાત છે કે તબીબે તબીબી દુનિયાનું થોડું વરવું રૂપ નજરોનજર નિહાળ્યું.

એમને માનસિક પીડા થઈ હતી જોકે છેલ્લે 'માનસી' સંસ્થા સાથે સંલગ્ન થઈ આત્મસંતોષ સાથે એમણે ફાની દુનિયા ત્યજી. સદ્‌ગત ચિદાત્મા - સ્વરૂપ પામો.

-શાંતિલાલ ગઢિયા
ફોન ૦૨૬૫ - ૨૭૫૦૨૭૫

ઈશ્વર જ્યારે આપે છે ત્યારે સારું આપે છે, નથી આપતો ત્યારે વધું સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ જ્યારે રાહ જોવડાવે છે ત્યારે તો સૌથા ઉત્તમ ફળ જ આપે છે.

## પગદંડી

પગદંડીનું ઘણાં વર્ષોથી અમારું કુટુંબ આજીવન સભ્ય છે. પણ વ્યવસાયના કારણે પગદંડીને પૂરતો ન્યાય આપી શકતો નહોતો, પણ નિવૃત્તિના કારણે વાંચવાની ભૂખ જાગી.

પગદંડી જૂન ૨૦૨૧ નો અંક વાંચી મારું હૈયું ખરેખર આનંદથી નાચી ઉઠ્યું. આપણા સમાજના આવા ઉચ્ચ કોટિના લેખકોનો પરિચય થયો. આ બધા લેખકોને મારા વંદન સાથે ખૂબ ખુબ અભિનંદન.

પગદંડીના દરેક લેખકોના મોબાઈલ નંબર જરૂર લખો, જેથી કરી મારા જેવા બીજા વાચકો પણ લેખકને અભિનંદન આપી એમનો ઉત્સાહ વધારી શકે.

જીવનમાં પહેલી વાર લખ્યું છે ભૂલચૂક મિચ્છામી દુક્કડમ.

લિ. મુલચંદ હીરજી મારૂ
ગામ : બિદડા - શિવરી
મો.: ૮૯૨૮૦ ૪૨૭૯૦

આભાર કે ઉપકાર માનવો,
એ આપણી શિસ્ત છે...
સાહેબ....
પરંતુ ઉપકારને યાદ રાખવો,
એ આપણા સંસ્કાર છે.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ, મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# ઍક્સપાયરી ડેટ

ગુલાબ દેઢિયા

સમય વડેરો જાદુગર છે. નવીનવી ચીજો લાવે છે. એ ચીજોનાં નવાંનવાં નામ લાવે છે. જ્યારે એ વસ્તુઓ વપરાશમાં નથી રહેતી ત્યારે એ નામો પણ ધીરેધીરે ઓજલ થતાં જાય છે.

થોડાં વર્ષો પહેલાં 'ઍક્સપાયરી ડેટ' આ બે શબ્દો બહુ સાંભળવા નહોતા મળતા. આજે તો રોજેરોજ આંખે-કાને ભટકાયા જ કરે છે.

દવાની બાટલીઓ પર, ગોળીઓનાં પૅકેટ પર લખેલું વાંચ્યું હતું. આ દવાની અંતિમ તારીખ આ છે, યાદ રાખજો, ઝટ વાપરી લેજો. પછી ઔષધિ વ્યાધિહર નહિ રહે. આપણે તારીખ વીતી ગયા પછીય દવા વાપરીએ છીએ! ચાલે, એમ કંઈ થોડી બિનઅસરકારક બની જાય? લ્યો, પેલી દવા કામ પણ કરી જાય, આપણો વિશ્વાસ જ કામ કરી જાય છે ને!

દવાઓએ ઍક્સપાયરી ડેટને ખો આપી. ખાનપાનની વસ્તુઓ પર, પૅકેટનું દૂધ, આ બ્રેડ, બધું સમયસર વાપરી લેજો. સાવધાન...

તમને થશે કે હવે હું આપણા જીવનની ક્ષણભંગુરતા, ઍક્સપાયરી ડેટની વાત કરીશ. ના, ના, એ તો ખબર જ છે. જન્મ્યા એ જ દિવસે ઍક્સપાયરી ડેટ લખાવીને આવ્યા છીએ, પણ વાંચી નથી શકતા એટલું જ.

ચાલો, બીજી વાતો કરીએ. પેલી અફર, અજ્ઞાત ઍક્સપાયરી ડેટની વાતને ગુપચાવી જઈએ.

આ અંતિમ તારીખ જબરી છે, બધે છે અને ક્યાંક ક્યાંક નથી પણ. કુદરતનાં મૂળ તત્ત્વો હવા, પાણી, અગ્નિ, પ્રકાશ, પૃથ્વી વગેરે પંચ તત્ત્વો તો ચાલ્યાં જ કરે છે. અવિનાશી છે.

માવતરનો સ્નેહ, ગુરુ-શિષ્યના સંબંધો તો આયુર્વેદની દવા જેવા છે. જેમ જૂના થાય તેમ વિશેષ ગુણકારી થતા જાય છે. 'માડીનો મેઘ બારે માસ' તે કંઈ અમથું કહ્યું છે! 'એનો નહિ આથમે ઉજાસ રે' એ ઍક્સપાયરી ડેટ સામેનો ખરો પડકાર છે.

અમુક ચીજવસ્તુઓ માટેની ચાહના વય બદલાતાં બદલાય છે. આપણા સંબંધોને તો આ અંતિમ તારીખ છોડતી જ નથી. માણસો

રહે છે, પણ સંબંધો પરવારી ચૂક્યા હોય છે.

આપણા વિસ્મયને, આશ્ચર્યને આ ગ્રહણ લાગે છે ત્યારે આપણાને લાગી આવે છે. વિસ્મય વગરનું જીવન કેવું લાગે ? જિજ્ઞાસા વગર જીવવાનો ભાર ન લાગે ત્યારે ખરી અવદશા શરૂ થઈ કહેવાય.

ઍક્સપાયરી ડેટ સ્થૂળને નહિ, સૂક્ષ્મને ચીંધે છે. વસ્તુ રહે છે, પણ એનું સત્ત્વ પરવારી ગયું છે એમ સૂચવે છે. મિત્ર હોય માણસ તરીકે પણ મિત્રતા ન હોય એની વાત છે.

આપણી સામે રોજેરોજ નવીનવી વસ્તુઓ આવતી જાય છે. જૂની વસ્તુઓ એને માટે જગા કરી આપે છે અથવા જગા કરી આપવી પડે છે એમ કહેવું જોઈએ.

આપણી અંદર એ જ પ્રક્રિયા ચાલી રહી છે. એ દેખાતી નથી. બહુ સ્પષ્ટ નથી, પણ અણસાર તો આવે જ છે. આપણી શારીરિક અને માનસિક શક્તિઓમાં આવતાં પરિવર્તનો, આપણાં રસ-રુચિમાં આવતો બદલાવ.

આપણી આસપાસ એટલા માટે તો નજર કરવા જેવી છે. ઋતુઓ હળવેહળવે બદલાય છે. એ બધું નિહાળતાં શીખીએ તો ઍક્સપાયરી ડેટ કઠે નહીં, એનો સહજ સ્વીકાર કરતાં આવડી જાય.

ઍક્સપાયરી ડેટનો સંકેત તો એ છે કે વેડફી ન નાખો. મુલતવી ન રાખો. સમય કોઈની શરમ નથી રાખતો, માટે સમયની મર્યાદામાં એની વિપુલતાને માણો, એનો આનંદ લો, એનો સદુપયોગ કરો.

પ્રત્યેક વસ્તુની મર્યાદાનો સ્વીકાર એ સમજણની સીડીનું પ્રથમ સોપાન છે. વિવેક પણ એ જ વાત કહે છે. અંતિમ તારીખ આપણાને પજવવા માટે નથી. સાવધ કરવા માટે છે. જે છે તે તેને જાણો, એનો અનાદર ન કરો. માનભેર જગા કરી આપો. આવકાર આપો, નહિ તો ધકેલાવું પડશે, હડસેલાવું પડશે.

અંતિમ તારીખ પહેલાં, વખતસર જે પાર પડ્યું એ તો માનસરની શાંતિ જેવું છે. નિરાંત કોને કહે છે ? નિરાંત એટલે વેળાસર વધાવી લેવું, સંપન્ન કરવું.

બદામનાં કિરમજી પાંદડાંમાંથી પોષનો સાંજુકો તડકો પસાર થાય છે. ઍક્સપાયરી ડેટ પહેલાં એ પર્ણો જીવ્યાનો આનંદ માણી તૃપ્ત થાય છે. એ પાંદડાંને કોઈ રાવ નથી, ફરિયાદ નથી.

મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨

# કાં તો મને ઈશ્વર બનાવી દે

✻ CA સંજય વિસનજી છેડા ✻

થશે ક્યારે રમત પૂરી, હવે જલદી જણાવી દે,
તું કાં તો આવ અહીં, કાં તો મને ઈશ્વર બનાવી દે!

બધાએ શક્તિ મુજબ દાનપેટીમાં ધર્યા રૂપિયા,
પડ્યા ઓછા તને કે હૉસ્પિટલના બિલ ચડાવી દે?

દુઆ માટે ઊભા'તા એ દવા માટે ઊભેલા છે,
લખી દે એમને હૂંડી અને હૂંડી ચલાવી દે.

જો લાશો પણ ઊભી છે રાહ જોઈને કતારોમાં,
ભલે ઘર ના દીધું, તું એક ભઠ્ઠી તો અપાવી દે!

'નિનાદ' એ ધારે તો રોશન નગરને પણ કરે સૂમસામ,
એ ધારે તો અહીં સમશાનને પણ ઝગમગાવી દે!

**રચના - નિનાદ અધ્યારુ**

સેંકડો વર્ષો સુધી આ કાળા માથાના માનવીએ આ પ્રકૃતિની દરેક રીતે ઘોર ખોદી છે. ક્યારેક નદીઓને બાંધવા ડેમ બનાવ્યા તો ક્યારેક રેતી નાખીનાખીને દરિયાની સીમ ઘટાડવાનો અબુધ પ્રયત્ન કર્યો. ક્યારેક પોતાને ગમતાં પશુ-પંખીઓને બંદી બનાવ્યા, તો ક્યારેક પોતાના આરોગ્ય કે સૌદર્ય કે પોતાના સ્વાદ માટે કેટલાંય પશુ, પંખીનો સંહાર કર્યો.

થોડું વિજ્ઞાન શું શીખી લીધું, આખા અંતરીક્ષને પોતાની જાગીર સમજી હજારો સેટેલાઈટ તરતા મૂકી આખા નભને પણ ભંગારવાડો બનાવી દીધો. એક યા બીજી રીતે આ માનવ નામના પ્રાણીએ ઈશ્વરની આ દુનિયાને અભડાવી અને એક દિવસ એક દેશની મૂર્ખામી કે સત્તા-લાલસાનુ પરિણામ એવો આ વાયરસ જેણે સમગ્ર માનવજાતને એવી હંફાવી કે આજે દોઢ વર્ષ પછી પણ સમગ્ર વિશ્વ એક નાનકડા વિષાણુ આગળ માથું નમાવીને હાર માનીને બેઠું છે.

ઈશુ પાસે આ માનવની ભૂલોના પ્રાયશ્ચિત કે પછી માનવીની તમામ મૂર્ખતા પર કટાક્ષ જેવી કવિ નિનાદ અધ્યારુની આ રચના.

આખી સૃષ્ટિને *યુઝ ઍન્ડ થ્રો* ની જેમ પ્લાસ્ટિકથી છલકાવી દેનાર આ માણસને જ્યારે સૃષ્ટિના એક નાનકડા વિષાણુએ પ્લાસ્ટિકમાં વીંટાળી દીધો ત્યારે માણસજાત પાસે પરમપિતાને ''સંભવામિ યુગે યુગે''નું વચન યાદ દેવડાવ્યા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી.

*થશે ક્યારે રમત પૂરી, હવે જલદી જણાવી દે,*
*તું કાં તો આવ અહીં, કાં તો મને ઈશ્વર બનાવી દે!*

એક ધર્મસ્થાનના ભંડોળમાંથી બીજું ધર્મ-સ્થાન, બીજામાંથી ત્રીજું. સ્કૂલ, કૉલેજ, દવાખાનાં, હૉસ્પિટલ અને દવાઓની શોધખોળને બદલે આ માનવીનો બસ ધર્મસ્થાનની તકતીઓમાં પોતાનું નામ કોતરાવવામાં રસ રહ્યો.

અને આજે એવો સમય આવ્યો કે બધા ધર્મસ્થાન બંધ, બધાં ચર્ચ અને મસ્જિદ બંધ. ચાલુ રહ્યાં તો બસ માનવતાનાં મંદિર, જ્યાં સફેદ કોટમાં સજ્જ કે પીપીઇ કીટમાં માનવતાના મસીહા, પોતાના જીવના જોખમે સૌની વહારે ધાયા.

પણ સામે છેડે, પહેલા વેવમાં કોઈ બોધપાઠ ન લેનાર આ માનવજાતે પોતાની ભૂલો, પોતાની મૂર્ખામી થકી બીજા વેવને સામે ચાલીને આમંત્રણ આપ્યું અને આવામાં દાઝ્યા પર ડામ હોય એમ કેટલાક હજી પણ માનવતાનો પાઠ વિસરી ગયા.

ક્યાંક એમ્બ્યુલન્સના નામે ઉઘાડી લૂંટ ચાલી તો ક્યાંક ઇન્જેક્ષનનાં કાળાબજાર થયાં. આવા કઠોર સમયમાં પણ જ્યારે માણસ, માણસાઇ ભૂલ્યો ત્યારે કવિવર નિનાદ અધ્યારુનો વેધક પ્રશ્ન.

*બધાએ શક્તિ મુજબ દાનપેટીમાં ધર્યા રૂપિયા,*
*પડ્યા ઓછા તને કે હૉસ્પિટલના બિલ ચડાવી દે?*

કોરોનાના સેકન્ડ વેવ પછી, ફરી બધાં ધર્મસ્થાન, મસ્જિદો, ગુરુદ્વારા, ચર્ચ, બધું જ બંધ થયું. પોતાને મળ્યું એનાં આભાર માનવા કદી ઈશ્વરને યાદ ન કરનાર આ સ્વાર્થી માનવ, હંમેશાં બસ કંઈક ને કંઈક માંગવા ઈશ્વરના દરબારે લાઈનો લગાડતો હતો.

આપણા સૌની જિંદગીમાં કદાચ પહેલી વાર એવો સમય આવ્યો કે પ્રભુનું આંગણું પણ આપણા માટે બંધ થયું અને એમાં પણ આ બીમારી પણ કેવી. કોઈ સ્વજન આસપાસ નહીં. કોઈ દેખભાળ કે સારવાર માટે નામ માટે પણ કોઈ પોતાનું હાજર ન રહી શકે એવી વિષમ આ બીમારી.

અને આ માનવીની આ મજબૂરીનો નરસૈંયો અને એની આવનજાવન કરી રહેલી શ્વાસની ડોરનો એની હૂંડીની સાથે સરખાવતા, આ પરીક્ષાની ક્ષણોમાં કવિની બસ એટલી જ અરજ કે વેન્ટિલેટર પર સૂતેલા દરેક ભક્તની, દરેક નરસૈંયાની શ્વાસની હૂંડી, વિશ્વાસની હૂંડી, બધું જ શામળાના દરબારમાં મૂકેલી છે. એ હૂંડીઓને ચલાવી લે, વટાવી લે.

***દુઆ માટે ઊભા'તા એ દવા માટે ઊભેલા છે,***
***લખી દે એમને હૂંડી અને હૂંડી ચલાવી દે.***

સગાં-સંબધી પણ સાથ ન આપી શકે. ગંગાજળ તો દૂરની વાત્ત, પાણીનું એક ટીપું પિવડાવવા પણ કોઈ અન્યએ પીપીઇ કીટ પહેરવી પડે એવા વિષમ સંજોગો.

હૉસ્પિટલમાં ઍડમિશન માટે કતારો, મોંઘાં ઇન્જેક્ષન માટે પણ કતારો. આ બધી કતારો વચ્ચે ક્યાંક કોઈના શ્વાસનો તાર તૂટે તો સ્મશાનમાં પણ પ્લાસ્ટિકના કફનમાં સજ્જ લાશો, પીપીઈ કીટમાં આવેલા ડાઘુઓ અને શબવાહિનીની કતારો.

માણસના જીવનમાં મળતા આ છેલ્લા સંસ્કાર, અંતિમસંસ્કાર માટે પણ જ્યારે એક શબને રાહ જોવી પડે, ત્યારે એક સામાન્ય માણસનું આક્રંદ, એનો આક્રોશ, કવિવરના શબ્દોમાં કહીએ તો.

***જો લાશો પણ ઊભી છે રાહ જોઈને કતારોમાં,***
***ભલે ઘર ના દીધું, તું એક ભઠ્ઠી તો અપાવી દે!***

એ ઈશની, એ પરમપિતાની શક્તિ કેવી અમાપ, કેટલી અગાધ કે એક ચપટી વગાડતા, આખા વિશ્વને પ્રભુએ પ્લાસ્ટિકની થેલીઓમાં પૅક કરી દીધું. પોતાના અંગતજનનો સ્પર્શ તો શું, શ્વાસથી પણ ભય લાગે એવી આ અજબ-ગજબની બીમારી અને એ સર્વશક્તિમાનની સત્તા આગળ માનવીનું બધું જ્ઞાન, વિજ્ઞાન, બધું શાણપણ ઓગળી ગયું.

માનવમહેરામણથી છલકતી, મલકતી, ધબકતી દુનિયાને, મોટીમોટી માયાનગરીઓને, મહાનગરીઓને સૂમસામ કરી દેતી ઈશની શક્તિ. તો બીજી બાજુ, એક છાપામાં વાંચ્યું એમ સુરતમાં સ્મશાનની ભઠ્ઠીના બીમ ઓગળવા લાગે એટલી લાશોની કતાર.

આ પરમપિતાનો ઈશારો નહીં તો શું છે. ઇશનો આ પ્રકોપ, આ સજા અને છતાં જો આ માણસ ''હું કરું, હું કરું''ના ''શકટ તળે શ્વાન''ના ભ્રમમાંથી જો બહાર નહીં નીકળે તો આવી વિપદાઓમાંથી સ્વયં ઈશ્વર પણ નહીં બચાવી શકે.

***'નિનાદ' એ ધારે તો રોશન નગરને પણ કરે સૂમસામ,***
***એ ધારે તો અહીં સમશાનને પણ ઝગમગાવી દે!***

કાં તો આ મદથી છકેલા માણસને સદ્બુદ્ધિ આપ અને કાં તો તું પોતે જ પાછો આવ. છેલ્લે ફરી કવિવરની રચનાના મત્લાના શેરમાં વણાયેલ અરજ સાથે અસ્તુ

***તું કાં તો આવ અહીં,***
***કાં તો મને ઈશ્વર બનાવી દે!***

રતાડિયા ગણેશવાલા
મો. : ૯૮૯૨૮૧૫૩૬૭

# શીલની રક્ષાનું પ્રેમબંધન

✻ દેવચંદ ગાલા - સાગર સાથી ✻

આપણા સાંસારિક કે વ્યાવહારિક સંબંધોમાં સૌથી નિઃસ્વાર્થ અને નિર્મળ સંબંધ હોય તો તે ભાઈ-બહેનનો સંબંધ છે. માતા-પિતા તથા અન્ય નિકટનાં સગાંઓની સાથે ગમે તેટલો સંબંધ હોય તોપણ તેમાં વ્યવહારની આપ-લેનો સંબંધ અંતરભૂત થઈ ગયેલો હોય છે. આપણી કુટુંબ-વ્યવસ્થામાં માત્ર બહેન સાથેનો સંબંધ જ એવો છે કે, જેની પાસેથી કોઈ પણ સાંસારિક અપેક્ષા રખાતી નથી. માણસની કામવાસના પર અંકુશ રાખનાર બહેનનો સંબંધ સૌથી વિશેષ મહત્ત્વનો છે. બહેનને જોતા કોઈ પણ પ્રકારની સંસારવાસના કે કામવાસના ચાલી જાય છે અને અંતરની વૃત્તિઓ શુદ્ધ બને છે.

આવા નિર્મળ અને પવિત્ર સંબંધને પોષનારું પર્વ આપણી સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન ધરાવે તો, તે સમજી શકાય તેવી હકીકત છે. આપણી સંસ્કૃતિના દ્યોતક પર્વમાં શ્રાવણ માસ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એટલે રક્ષાબંધનનું પર્વ પણ આ જ મહિનામાં સાંકળી લેવામાં આવ્યું જણાય છે. આ પર્વને દિવસે બહેન હૈયામાં સાગર જેટલું હેત સમાવી સંસારના સૌ સંબંધોને ભૂલી, ભાઈને હાથે 'રાંખડી' બાંધે છે. અને અનેક સ્થળોએ ભાઈની આરતી પણ ઉતારે છે. આમ બને તે પણ સ્વાભાવિક છે કારણકે, બહેન ભાઈના શીલનું રક્ષણ થાય તે માટે પ્રેમબંધનરૂપી 'રાખડી' બાંધે છે. જે વ્યક્તિનું શીલ દૃઢ છે, સંયમી છે અને અખંડ છે તેને કોણ હરાવી શકે ? માણસની લડાઈ મોટે ભાગે સત્તા, પૈસો, પ્રતિષ્ઠા વગેરે સાંસારિક ગણતરીઓને પરિણામે જ થતી હોય છે અને જેનું શીલ ક્ષુભિત બને છે, તે પોતાની શક્તિ ગુમાવી બેસે છે અને પરિણામે પરાજય પામે છે. અને જેનું શીલ અખંડિત અને શુધ્ધ હોય તેની હાર કેવી? જેમ ગાંધીજી કહેતા કે, સત્યાગ્રહી કદી હારતો નથી તેમ આપણે પણ કહી શકીએ કે સંયમશીલ કદી હારતો નથી. કદાચ સાંસારિક પરાજય થાય તોપણ, તેની વિશુદ્ધ ભાવના તો અમર જ બને છે અભિમન્યુ જેવો યુવાનીમાં પ્રવેશતો 'વીરપુત્ર' જ્યારે મોટામોટા અનેક યોદ્ધાઓ સામેની લડાઈમાં જાય છે, ત્યારે કુંતીજી તેને 'રાખડી' બાંધે છે જેમાં આ જ ભાવના સૂચિત થાય છે.

રક્ષાબંધનનું પર્વ, એ માત્ર ભદ્ર વર્ગનું જ પર્વ નથી, આમજનતાનું પણ મહત્ત્વનું પર્વ છે. બહેન ભાઈને જ્યારે સંયમશીલતાની 'રક્ષા'નું 'પ્રેમબંધન' કરે છે ત્યારે ભાઈ પણ એટલો જ ભાવાદ્ર બની જાય છે કે, તે બહેન પાસે પોતાની

કૃતજ્ઞતા વ્યક્ત કર્યા વિના રહી શક્તો નથી. તેથી આ પ્રસંગે બહેનને દક્ષિણા આપવાનો રિવાજ પ્રચલિત થયો છે. ભાઈની વૃત્તિઓને શુદ્ધ કરવાનું, જાગૃત રાખવાનું અને પોષવાનું કામ બહેન કરે છે તેથી ભાઈ સાચો 'વીર' બને છે અને બહેન ભાઈ પાસેથી જે દક્ષિણા મેળવે છે, તેને તળપદી ભાષમાં 'પસલી' કહેવામાં આવે છે. એટલે રક્ષાબંધનનું બીજું નામ 'વીરપસલી' પડ્યું છે. ભાઈના શીલની રક્ષાનું કામ બહેન કરે તો તે 'વીર' પોતાની બહેનની માટે કોઈ પણ પ્રકારના બંધનો કેમ રહેવા દે ? એટલે જ બહેનની મોટામાં મોટી આશા અને શ્રદ્ધા કુટુંબજીવનમાં ભાઈ જ બની રહે છે. માતા-પિતા વગેરે અનેક સંબંધોમાં ભાઈનો સંબંધ એક જુદી જ ભાત પાડે છે. બહેનને અંતરમાં પૂરેપૂરી શ્રદ્ધા રહે છે કે, મારા સંસારના કોઈ પણ પ્રકારના વિઘ્નો સામે, મારો 'વીરલો' મારી પડખે જ રહેશે. તેથી, બહેનને ભાઈ માટે વિશેષ ઉમળકો આવે છે. માતા-પિતા દીકરીને દુઃખ હોય તો સાંસારિક ગણતરી તેમ જ પ્રણાલીને વશ થઈ તેનાં દુઃખ તરફ ઉપેક્ષા સેવે છે. ગમે તેટલો પ્રેમ અને સમભાવ હોય, દીકરીનાં દુઃખથી હૃદયમાં પીડા અનુભવતાં હોય તેમ છતાં પણ સંસારી ધોરણોને લીધે ઘણી વખત, તેઓ દીકરીનું દુઃખ દૂર કરી શકતાં નથી. ભાઈ તો સમવયસ્ક હોય છે એટલે, બહેનનાં દુઃખને સુરેખ રીતે સમજી શકે છે અને સંસારની રૂઢિઓને ફગાવી દઈને, બહેનને તેમાંથી મુક્ત કરી શકે છે. એટલે જ બહેનને માટે ભાઈ પ્રેમશ્રદ્ધાનું પ્રતીક બની રહે છે.

આવા ભાઈ-બહેનના નિર્મળ સંબંધને સંસારી મૂલ્યો સાથે બહુ સંબંધ ન હોવાથી, કલાકાર કે કવિ પોતાની કલા કે વાણીમાં ભાઈ-બહેનના પ્રેમનું આલેખન બહુ કરી શક્યા નથી. આપણા પ્રાચીન સાહિત્યમાં, તેથી જ, ભાઈ-બહેનની પ્રેમભાવનાને વ્યક્ત થવાનો બહુ ઓછો અવકાશ મળ્યો છે, પરંતુ આમજનતાને મન આ ભાવના બહુ જ મહત્ત્વની હોવાથી, લોક સાહિત્યે, તેનો ઘણો ઉપયોગ કર્યો છે. લોક સાહિત્યમાં, ભાઈ-બહેનના પ્રેમની અનેક કથાઓ જોવામાં આવે છે તે એટલે સુધી કે, બહાર-વટિયાઓ પણ બહેનને પોતાના ત્રાસમાંથી મુક્ત રાખે છે, એટલું જ નહીં, પણ તેને મદદ પણ કરે છે. પ્રસંગોપાત ભેટસોગાદો આપે છે અને તેટલે અંશે પોતાનાં કૃત્યોમાંથી થોડીકેક શુદ્ધિ મેળવે છે.

ઘણી વાર જેમને બહેન હોવાનું સદ્‌ભાગ્ય ન હોય, તેઓ આ ભાવનાને પોષવા માટે, ધર્મનાં બહેન કે ધર્મના ભાઈના સંબંધો પણ બાંધે છે અને આ રીતે પોતાની ભાવનાને અખંડિત રાખે છે. લોકગીતોમાં વ્યક્ત થતી પ્રેમભાવનાનું ઉદાહરણ આપવા બોટાદકરનું એક લોકગીત જોઈએ, જેમાં ભાઈ બહેનને તેડવા તેને ગામ જાય છે ત્યારે બહેન ભાઈને દૂરથી આવતો જોઈને કેવી હરખાય છે.

'વેલ્યું છૂટી વડલાની હેઠ
ધોરીડા બાંધ્યા રે વડને ચાંકિયે,

ચાર-પાંચ સહિયરું પાણીડાની હાર
એમાં વચલી પાણિયારીએ વીરને ઓળખ્યો,
ઓળખ્યો, ઓળખ્યો માની આંખ્યુને અણસાર,
મારા બાપની બોલાશે વીરને ઓળખ્યો,
ભલે આવ્યો મારો માડી જાયો વીર,
ઉતારા દેશું એ ઊંચા ઓરડા,
ભાઈના વેલડાને નાગરવેલના પાન નીરવા કહીને,
પોતે હોંશભરી......
''રાંધીશ રાંધીશ વીરા કમોદના કૂર,
ઉપર રે રાંધીશ કાજુની ખીચડી,
જમશે જમશે રે મારો માડી જાયો વીર,
ભેળી બેહશે રે એક જ બેનલડી''

આ લોકતહેવારની અસર આપણા મહાકવિ નાનાલાલ પર પણ એટલી થઈ છે કે, તેમણે પોતે પણ એક સુંદર કાવ્ય રચ્યું છે. આ કાવ્યમાં ભાઈ-ભગિનીના પ્રેમને સુંદર, સરસ અને પુનિત રીતે, વ્યક્ત કર્યો છે. નાનાલાલના આ કાવ્યને માણીએ....

''ખમ્મા વીરાને જાઉં વારણેરે લોલ
મોંઘા મૂલેરો મારો વીર જો...
ખમ્મા....

એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ
બીજો સુહાગી મારો વીર જો....
ખમ્મા....

ચંપો ખીલે ફૂલવાડીમાં રે લોલ
ફૂલમાં ખીલે મારો વીર જો...
ખમ્મા....

આંગણે ઉજાસ મારે સૂર્યનો રે લોલ
ઘરમાં ઉજાસ મારો વીર જો...
ખમ્મા...

એક તો આનંદ મારા ઉરનો રે લોલ
બીજો આનંદ મારો વીર જો....
ખમ્મા...

આ શુભ દિવસે ભાભી નણંદી માટે ઓછીઓછી થઈ જાય છે. બે'નીમાં, બેનીના વીરાનું જ પ્રતિબિંબ જોતી ભાભી બળેવને દિવસે નણંદીને વહાલભર્યું આમંત્રણ આપે છે,

''મારે બારણે બોલ બળેવના
એના ઓછા રે હજુ ઓછલા હાસ
નણંદી આવો ને મારે આંગણે

પરદેશણ આવો ને પોપટી
મારે હૈયે રૂડા હિંચજો હાસ
-નણંદી આવો ને...

બલિરામ સમા તમ બાન્ધવા
વારેવારે જુએ બહેનીની વાટ,
-નણંદી આવો ને...

ત્યારે, બહેન પણ ક્યાં ઓછી ઊતરે તેમ છે! હોંશભર્યું આમંત્રણ સ્વીકારી ભાઈને ત્યાં આવે છે. એના કોમળ હાથોમાં પૂજાપાનો થાળ, મંગલદીપ ને હૃદયરૂપી વાડકીમાં અમૃતરૂપી સ્નેહ ઘૂંટી, તૈયાર કરેલી ''રાખડી'' છે.

લાલ ચૂંદડીમાં સોહતી બહેન ભાઈના કપાળે શુકનવંતું અક્ષયતિલક કરી, ઈન્દ્રધનુષ્ય જેવી

સપ્તરંગી ''રાખડી'' ભાઈના હાથે બાંધે છે અને ''શતાયુભવ''ની આશિષ આપી, દુઃખણાં લે છે ત્યારે ઘડીભર માટે થંભી ગયેલી પૃથ્વી આંચકો ખાઈને પાછી પરિકમ્મા શરૂ કરે છે.

સાસરે જતી બહેનને ભાઈનો પ્રેમ મૂંઝવી નાખે છે. ભાઈને સમજાતું નથી કે બહેન ક્યાં જઈ રહી છે. એ બહેનની પાલખી રોકવા મથે છે ત્યારે, લોકગીતમાં આ લેખાયું છે,

''નાનો વીરો મારો રોકે છે પાલખી;
આંસુનાં ઝરણાં વહાવી રે;
બાપુને ધીરજ ધરાવ મારા વીરા,
જેણે મને કીધી પરાઈ રે ''...

આવા તો અનેક પ્રસંગ ભાઈ-બહેનના જીવનમાં આવે છે. માનવહૃદયના ઉલ્લાસના સીમાચિહ્ન જેવા આ પર્વ માટે શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ કહ્યું છે કે, આપણી ભાષાનો પવિત્રમાં પવિત્ર શબ્દ ''બહેન'' છે. આ હેતને હીરથી આજે રક્ષાબંધનમાં ગૂંથાવું, બંધાવું છે.

આ બધાં ઉદાહરણો પરથી રક્ષાબંધનનું પર્વ, આપણા સમાજમાં કેટલું મહત્ત્વનું છે તે સ્પષ્ટ સમજાશે. આ પર્વે જ આપણા જીવનમાં મધુરતા આણી છે. ને સમાજમાં પવિત્ર ભાવના પ્રસરાવી છે. તેથી આ પર્વ માનવસમાજમાં, અતિલોકપ્રિય બન્યું છે.

મો. ૯૯૮૭૩૩૨૩૪૯


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# ગામાઈ ગામાઈ

વસંતલાલ દામજી દેઢિયા

ગત અંકથી ચાલુ....

નોકરી કંઈધે બયું બ ડીયારીયું (દિવાળી) પુરીયું થયું. હકડે રવિવારજો બોય ભેરુ ચોપાટીજી રેતીમેં વે ને રેતીમેં લીસોટા કઈ ધ્યાવા.

તેર ભઈલો ગાલ કે મનીયા પાંજો ધલાલ હીરજી ભણસાલી ચે તો પરેલ મેં હકડી ધોકાન રૂા. ૪૦૦૦/- પાઘડી મેં મલેતી ને ભાડો મેણે જો રૂા. ૩૦૦/- આય. આજુબાજુ ગીરણી કામગારેજી વસતિ સારી આય મનીયે કે પણ ગાલ ગડ વઠી .

ભઈલો-મનીયો સવારે છગનફુઆ કે ગાલ કયું. સવાર જો દેરાસર મેં આદેશ્વરદાદા કે વંદન કરીને બોય ભેરુ છગનફુઆ કે પેઢીતે મલ્યા ને ધોકનજી ગાલ ક્યાં.

છગનફુઆ મનમોહ વિચાર ક્યાં. ભાતરિયા હાલે વછરે મંજા તોખાર ઘોડે જેડા ભને વ્યા અંઈ. નેરયો પાઘડીજી રકમ આઉ કરે ડીયા તો, વ્યાજ જી ગાલ મ કઈજા. જેર અગીયા સગવડ થીયે તેર પૈસા પાછા ડીજા, ઉતાવળ ન કઈજા.

બોય ભેરુ ફુઆકે પગેં લગા ને અગીયાજી વ્યવસ્થાલા સાંજીજો ગાંગજી શેઠ કે પેઢી તે વે ને ચ્યાં, બાપા હકડી ગાલ કેણી આય.

બાપા : બોલો મુંજા ભલાધ્ધુર (બહાદુર)

મનીયો : બાપા અસાં બીંકે ધોકાન કેણી આય. પરેલ મેં હકડી ધોકાન રૂા. ૪,૦૦૦/- પાઘડીમેં મલેતી. છગનફુઆ ધોકાનજી પાઘડીજા પૈસા ડેલા તૈયાર અંઈ. બાપાં અંઈ રજા ડીઓ તે ધોકાન કેણી આય.

બાપા અખીયું મીંચે ને બ પળ વિચાર ક્યાં ને ચ્યાં, નેરયો મણીલાલ ને ભાઈલાલ મુંજયું થોડીયું સરતું અઈ. બોય ભેરુ એકે રાતજો હતે પેઢી તે સોમેલા અચે જો આય ને નયો મુનીમ પ્રાગજી કે તૈયાર કરેજો આય.

ભાઈલાલ, ખાતાવહી ચોપડો તોકે તૈયાર કરેજો આય. રાતજો વેને પૂરો કરેજો. ને મણિલાલ તોકે રાતજો ઘડી કિશન પાસેથી ચોખા, ઘઉં, ડાર, ચણા મળે જો હસાબ ગને ને હસાબ ચોપડીમેં લખે ગનેજો, બે માળુંએજી વ્યવસ્થા થીંધે ચાર મેણા લગધા. તે સુંધી આંકે પેઢીજો વેપાર સાંચવેજો આય.

અને હા, ધોકાન મેં માલ ભરેલા પાંજી પેઢીતે માલ લખાયને ગને વનેજો. પૈસા મોડા વેલા ડીજા, ને ધોકાન મે માલ ભરેલા રૂા. ૪૦૦૦/- રોકડા આંજે નાં તે લખે ને ગને

વનજા, વ્યાજજી ગાલ ન કઈજા. સગવડે ડીજા. ઈતવાર જો સારે ચોઘડિયે ધોકાન તે મણિલાલ ભાઈલાલ કાં. જો બોર્ડ લગે વ્યો. ''અનાજ કરિયાણા માલાચે ધાઉક વ્યાપારી''. છ મેણે મેં તોં ધોકાન ધમધોકાર હલેલા લગી.

બોય ''મણીવાની'' આણી ''ભાઈવાણી'' તરીકે પ્રખ્યાત. ભાઈલાલ કે શિવરીમેં ડબ્બલ રૂમ ભાડેંસે મલે વઈ ને મણિલાલ કે પરેલ મેં ગલેરીવારી સિંગલ વડી રૂમ ભાડે તેં મલે વઈ.

બોય ભેરુ પંઢજે કોટમ કે સથવારે ભેરા મોંભઈ બોલાય ગેળાં. હકડે વરેમેં ગાંગજી શેઠ અને છગનફુઆ જા પૈસા પાછા કરે ડના ને. પેઢી મંજા કાયમજી રજા ગેળાં.

ત્રે વરે મેં બોય ભેરુએજે ઘરેં બ બ પારણાં બંધાણાં ભાઈલાલ જે ઘરેં પેલો ગગો ને પોય ગગી અવતરયા ને મણિલાલ જે ઘરેં બોય વખત ગગા જનમ્યા.

સંસાર મંઢે ને બાવી વરે નકરે વ્યા બોય ભેરુએજા છોકરા ભણેલા બહારગામ બિરલા ઈનસ્ટિટયૂટ પીલાણી રાજસ્થાન મેં દાખલો ગેળાં.

સમય સમયજી ગાલ આય. સજી ધોનીયા, ભારતમેં મહામારી જો રોગ ભરડો ગેળેં. માળુ શેર છડે ને પંઢજે ગામ કોરા ભજેલા લગા. મોંબઈજી પણ હીજ હાલત. ધંધા સાવ ભંધ જેડા થે વ્યા.

બોય ભેરું ધોકાન તે નવરા વઠાં વેં. માળુંએ જયું નોકરીયું છોટે વયું એડે વખતમેં મોંભઈ વડો મહાજન ને ખમતીધર ટ્રસ્ટીએંજો જૈન ફાઉન્ડેશન, ધનવલ્લભ ચૅરિટેબલ ટ્રસ્ટ વગેરે પાંજે સમાજ જયું સંસ્થાઉ અગીયા આવઈ.

નોકરી વગરજા કુટુંબ અથવા જેજો કોય કમાંઈધલ ન વે. એળે સર્વે કુટુંબલા રાહત જે દરે અથવા મફ્ત અનાજ, કરિયાણું તથા રોકડે રૂપિયેં મેં સહાય ચાલુ કયાં, જેંથી રોજબરોજ જો જીવન વિખરાજે ન વને. વૈદકીય ખર્ચ, હૉસ્પિટલ ખર્ચ ડનેજો પણ ચાલુ કયક્કિં.

પંઢજે વતન વનણું વે ત ટિકિટ ભાડો, તથા ગુજરાન હલાયલા દર માહ રોકડે રૂપીયેજી વ્યવસ્થા અને હન સહાયમેં ગામ મહાજન પણ સાથ ડના.

હી કપરે સમયમેં પાંજો સમાજ વિખરાજે ન વને તેલા રવિવારજો સાંજી જો સત વગે માટુંગા બોર્ડિંગમેં મિટિંગજી જાહેરાત કયાં. મહામારી લમી હલે વારી આય. હાલે કરો સમાજ જયું ખમતીધર વ્યક્તિયું પંઢજા વિચાર મિટિંગમેં રખયાં.

સંભાષણજી મુખ્ય વાત વી કચ્છ મુલક કરા વરો ભરપૂર પ્રમાણ મેં વીજળી ને નર્મદાજા પાણી પૂરતે પ્રમાણમેં અંઈ, છેલ્લાં બ વરેથી ''વૃક્ષ ઉગાડો વૃક્ષ બચાવો'' અભિયાનથી કચ્છ મેં લીલો ત્રીજો વધારો થ્યો આય તે થકી ચોમાસે મેં વરસાદ સારો થીયે તો વતન મેં

વડી વડી કંપનીયું પંઢજીયું ફૅકટરીયું ચાલૂ કયાં અયાં. કચ્છ મલક જે ધરતીકંપ પોય કચ્છજો વિકાસ ડી-રાત વધ રેયા આય ગામેગામ ભોજનશાળાજી સગવડ આય. સેનોટોરિયમજી વ્યવસ્થા આય અને આંજા જોનાં નવાં ખોરડા વડીલોપાર્જીત ઘર પણ અંઈ. ઘણે માળુંએ ગીયા વણખેડાયલ જમીન-ખેતર અંઈ. હન મણી ચીંજે કે પાછીયું ઓભીયું કયો. હી સંસ્થાઉ આંજે પોઠમેં ઓભીયું અંઈ.

ઘર રિપૅરીંગ, મોરીજાજરૂ ભનાણા વે ત સંસ્થાઉ વગર વ્યાજે લોન રૂપિયા બ લખ, ખેતરવાડી ભનાયલા રૂપિયા ત્રે લખ આંજે વતનમેં ધંધો ઓભો કેલા રૂપિયા ત્રે લખજી લોનું લમેં ગાળે પાછી ડનેજી શરતે સંસ્થાઉ તૈયાર અઈ. સીવાય ઘરખર્ચ કુટુંબ ખર્ચલા હજી છ મેણા દર મેણે રૂપિયા ત્રે હજાર ને ગામ મહાજનજી સખાવતું અલગ.

હાણે વિચારસરણી ભધલાયો. કચ્છ મુલક કોરા વરો. આંજો વતન આંકે હકલ કરે તો સઝી મિટિંગ ડો મિનિટ તાડિંયે જે ગડગડાટ સે ગુંજે ઓઠઈ. મનીયો હથ ઓંચોં કે મુંકે કીંક ચોણું આય ને સ્ટેજ તે પોજે વ્યો.

મનીયો : ગામાઈ ગામાઈ પાંજી હી સંસ્થાએ કે ખોભ્ભો ભરેભરે ને વધાઈયું. ગામાઈ હાણે નિર્ણય ગને જો વખત અચે વ્યો. આય પાંજી અને પાંજે છોકરેજી જંદગી હન સિંગલ ને ડબલ રૂમ મેં પૂરી કઈબો ?

ગામાઈ વિચાર ક્યો પાંજે વતનીજી ખોલ્લી હવાં, પાણી પાંજા વડીલ જતે પંઢજી જમાર પૂરી ક્યાં તે પાંજે જોને ઘરેં મેં વાડીયેંજી વાડ તે વંઢેજી પારીયેંતે ચોરેચોકે પાંજીયું વાટડીયું નેરીયેંતા. હથજી અંખીયે મથે છાજલી કરેને પાંકે આવકારેલા પંઢજ દોયત્રે-પોત્રે કે નેરેલા બેબાકળા થેને વઠા અંઈ હી મુંજીયું માન્યતાઉ અંઈ.

પણ ગામાઈ ગામાઈ હાણે મોલક કોરા વરો હકડે બેકે હથ ડેને ઓભા કઈબો. નંઢા નંઢા ધંધારોજગાર ચાલુ કઈબો. હી કચ્છી માળુ ગમે તેડી પરિસ્થિતિ મંઝા ઓભા થેને ધોડેલા લગેતો. હાણે કેંજી વાટ નરેયોતા. સભાગૃહ જે બાયર પાંજા સ્વંયસેવક વઠાં અઈ ઓતે આંજા નાલા, ગામજો નાલો, રહેણાકજો સરનામું ને ટેલિફોન નંબર લખાયો.

છ મેણેમેં મૌંભઈ કે રામરામ. મુંજો ને મુંજો ભેરુ ભાઈલાલજો નાલો લખો. અસીં હકડે મેણેજે અંદર વતનમેં પોજે વનબો અને પાંજે સમાજ જયું વડીવડી કંપનીયું, ફૅકટરિયું વેપારી કમસે કમ કચ્છ મોલક મેં પંઢજીયું શાખાઉં ખોલીયે એડી મુંજી આગ્રહભરી વિનંતી આય. થોડે સમય મેં લગભગ ત્રે હજાર મહાજનજા માળ પંઢજા નાં લખાય ડના.

અનમેં ભણેલા ઈન્જિનિયર, ડૉક્ટર, ટૅક્નિશિયન જો પણ સમાવેશ વો. મિટિંગ રાતજો ત્રે વગે પૂરી થઈ કચ્છી માળુ પંઢજી છાતીમેં નવા વિચાર નવો શ્વાસ ભરેને બહાર આવ્યો. સમય ફરેલા લગો. રેડીમેડ ગારમેન્ટવાળા, નંઢીનંઢી ફૅકટરીએં વારેજા

સમૂહ કચ્છમેં વડે પાઈયે જમીનું ગનેલા લગા.

મૌંભઈ છડેને બે શહેરેંજાં પાંજા વેપારી પણ પંઢજો સહયોગ ડેલા તૈયાર થ્યા. હવા જો રૂખ ભધલેલા લગો. ભાઈલો વતનમેં પંઢજા ખેતર વકેને ગૌશાળા ભનાંય ને ઘી દુધજો વેપાર ચાલુ કે.

મનીયેજી ખોપડી અલગ પ્રકારજી વી. બાપુકી વાડીકે ફરીથી ખેડેજી શરૂઆત કે અને વાડી જે જાંપે પાસે પાણીજી મોટરૂં, એન્જિન રિપૅરિંગજો કમ ચાલુ કે મોંભઈથી અચીંધલ કચ્છી મેકેનિકે કે નોકરીજો આધાર ડને.

કચ્છ મુલક જા ગામ નો શેર કચ્છી માળુએથી ઓભરાયલા લગા. કચ્છ મુલક મેં નવે સૂરજદાદા જો ઉદય થયો. હવામેં નવી ચેતના આવઈ. કચ્છ જિલ્લો ધોનીયાં મેં ચમકેલા લગો. ''વોકલ ફૉર લોકલ'' જી ખરી શરૂઆત હન કચ્છ મોલકથી થઈ.

ભુજ સ્ટેશન તેં કચ્છી મહાજનજો માળુ ઊતરે ને કચ્છ મુલકજી મટ્ટી મથેં તે લગાઈંધો વો ને ગામાઈ ગામાઈ જા નારા લગધાં વા. દૂર કડાંક ચાયજી ટપરીમેં હી ગીત ગુંજધો વો.

શેરી વળાવી સજ્જ કરૂં વાલમ ઘરે આવો ને....
મૂકું મૂકું લાપસીના આંધણ વતન આવો ને....
આપસું જાજેરા માન ગામાઈ વતન આવો ને....
ટોડલે બેઠા મોર ટહુકે ગામાઈ વતન આવો ને....

ગામ : નાનીખાખર


TRISHLA
Since 1978

૪૩ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા
ત્રિશલા ઈલેકટ્રોનિક્સ નિર્મીત

જૈન સ્તવનો નું કાંરવા

ત્રિશલા ભક્તિ ગુંજન

રીચાર્જેબલ પોર્ટેબલ જૈન સ્તવન મ્યુજિક પ્લેયર




મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો

- શ્રી ભક્તામર સ્તોત્ર
- રત્નાકર પચ્ચીસી
- ભાવના ગીત સંગ્રહ, અમી ઝરણા - સુપ્રસિધ જૈન સ્તવનો
- પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
- શાંતિલાલ શાહઃ જૈન સ્તવનો કથાગીતો - પૂજા સંગ્રહ
- આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ મહાવીર સ્વામિ ના સ્તવનો
- આનંદઘનજી ચોવીસી - પદો
- પુણ્યપ્રકાશનું સ્તવન
- પ્રતિક્રમણ
- નવસ્મરણ
- સજ્ઝાય માળા
- ધૂન - મંત્ર - આત્મધૂન
- પ્રાર્થના ગીત સંગ્રહ
- શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ
- શ્રી ઘંટાકર્ણ મહાવીર
- શ્રી માણીભદ્રવીર
- દિવાળી ચોપડા પૂજન
- સુપ્રસિધ્ધ પ્રાચીન ભજનો

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

આજેજ ઓડર આપો...ઘર બેઠા મેળવો

TRISHLA ELECTRONICS
Tel : +91 98200 59899
HOME DELIVERY
સંપર્ક : શાંતિલાલ ગોસર ⁘ ફોન : ૯૮૨૦૦ ૫૯૮૯૯

પ્રભાવના - ગિફ્ટિ માટે નામ ફોટો સાથે
સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

ત્રિશલાનુ ઓરીજીનલ પ્લેયર ખરીદો
ડુપ્લીકેટ પ્લેયરથી સાવધાન

Mktd By . : TRISHLA ELECTRONICS, Trishla Bldg., Zaveri Bazar, Mum- 02.

# કચ્છના ઈતિહાસના પાનેથી

## જૈન મુનિ શ્રી ચારિત્રવિજયજી કહે છે કે –

**''સવિનય કાયદાભંગમાં ભાગ ન લઈ શકનારા ઘેર બેઠે રેંટિયો ચલાવે એમાં પણ સેવા છે.''**

## મુનિશ્રી હિન્દનું ભાવિ ઉજ્જવળ દેખે છે.

**ખૂણો સેવતા જૈન સાધુઓ અને શ્રાવકોને પંડિત આણંદજી દેવસિંહ શાહનો પડકાર**

મુંબઈ માંડવીના બહાદુર માસ્તર કાનજી કરમસી પોતાની વૃદ્ધ વય વગેરેની જરા પણ દરકાર કર્યા વિના મીઠાના અમાનુષી કાયદાનો ભંગ કરી, છ મહિના માટે જેલમહેલના નિવાસી બન્યા. આ ખબર શ્રી જીવરાજ નરશી મહીશેરીએ માસ્તર કાનજી કરમશીના પૂજ્ય ગુરુ, પ્રસિદ્ધ વક્તા જૈન મુનિ શ્રી ચારિત્રવિજયજી મહારાજને આપ્યા. જવાબમાં શ્રી ચારિત્રવિજયજી મહારાજ શ્રી કાનજી માસ્તરનાં આ બલિદાન ને ત્યાગ માટે ધન્યવાદ આપે છે અને શ્રી જીવરાજભાઈ મહીશેરીને લખે છે કે, ''તમારી દેશસેવાની ધગશ વાંચી મને સંતોષ થાય છે. દેશસેવા અનેક રીતે થઇ શકે છે. તમો સવિનય કાયદાભંગમાં ભાગ ન લઇ શકો તો ઘેર બેઠે રેંટિયો ચલાવવો એ પણ એક જાતની સેવા છે. હાલની પરિસ્થિતિ જોતાં હિંદનું ભાવી ઉજ્જવળ દેખાય છે''. આ મુનિ શ્રી ચારિત્રવિજયજી મહારાજના વિચારણીય અને સ્મરણીય શબ્દો હું જૈન સમાજને ભેટ કરું છું. જ્યારે ભારતવર્ષના હજ્જારો અને લાખ્ખો નવયુવાનો પોતાનાં સુખ, વૈભવ, એશોરામ છોડી મહાત્મા ગાંધીજીએ આદરેલા ધર્મયુદ્ધના પુનિત પંથે પડ્યા છે. અહિંસા, શાંતિ અને સત્યનો મંત્રજાપ કરતા દેશને આઝાદ બનાવવા અનેક યાતનાઓ સહે છે, મારપીટ, અત્યાચાર અને જેલનો જુલમ બરદાસ્ત કરે છે અને હસતે વદને મોતને પણ ભેટવા તૈયાર બન્યા છે, ત્યારે જેનાં શાસ્ત્રોમાં પૂર્વજોના ઈતિહાસમાં અને જેને કરવાનાં કાર્યોમાં ત્યાગ ને વૈરાગ્યની ભાવના છલોછલ ભરી છે, જેઓએ વૈરાગ્ય અને ત્યાગની કથાઓ ગાઇગાઇ ને અવાજ ખોખરા કરી દીધા છે, એવા અમારા જૈન ત્યાગીઓ આજે ક્યાં છે, શું કરે છે તે કોઇ કહેશે? અમારો ત્યાગ આધ્યાત્મિક છે, અમારું ક્ષેત્ર વિશ્વ છે અને અમારું ધ્યેય મોક્ષ છે. આ અને આવા અનેક જવાબો આ સવાલ સામે ઢાલરૂપે મળવાના સંભવથી હું અપરિચિત નથી, પણ એ જવાબોની સચ્ચાઇની સાબિતી, એનો પ્રતિજવાબ પળવારમાં માગશે. અંગત સગવડો ખાતર સત્કાર ને સામૈયા માટે, મોભા અને માન માટે, અહન્તા અને ઇશ્ક માટે અમારો ત્યાગી સમાજ સક્રિય રીતે ઉપદેશ અને

આદેશ કરીને અમારા પર જે ફુજૂલ જવાબદારીઓ અને ખરચો લાદી રહ્યો છે. ક્લેશ અને કુસંપની ઊંડી ગર્તમાં ધકેલી રહ્યો છે, તે જોયા, જાણ્યા અને અનુભવ્યા પછી કોઇ પણ સાચો જૈન આ દંભ ન નભાવી શકે. આજે ભારતવર્ષમાં અપ્રમત અને સાચો સંત પ્રગટ્યો છે. એણે પોતાના બલિદાન અને ત્યાગથી જગતને મંત્રમુગ્ધ બનાવ્યું છે અને પોતાનાં આચરણ અને પ્રતિભાથી સેંકડો મહાતપસ્વીઓ બનાવ્યા છે ત્યારે તપ, ત્યાગ, વૈરાગ્ય અને સંયમના અમારા એ બની બેઠેલા ઇજારદારો, સમાજ, ધર્મ અને રાષ્ટ્રની ઘોર ખોદે છે; એ ત્યાગ પ્રેરી શક્તા નથી, વૈરાગ્ય વિકસાવી શકતા નથી, બલિદાન કે તપ પ્રગટાવી શકતા નથી, કારણકે પોતામાં એ મહાતત્ત્વોનો અભાવ છે અને છતાંય પોતામાં તે હોવાનો દાવો અને દંભ છે. આ દંભને નિભાવવા અને સમાજ પર ઠોકી બેસાડવા તેને એકેએક સાચી પ્રવૃત્તિઓનો વિરોધ કરવો પડે છે. સમાજસુધારો એને કંપાવે છે, ધર્મવિકાસ એને ફફડાવે છે અને રાષ્ટ્રઉન્નતિ એને પ્રાણઘાતક લાગે છે. કારણ? કારણ તો ખુલ્લું છે કે જાગૃત સમાજમાં પાખંડ અને પોપશાહી ન પૂજાવાનો, ન મનાવાનો એને ભય છે, સુધરવાની એની ઇચ્છા નથી, દાનત નથી અને તૈયારી તો હોય જ શાની? તેથી પરિણામ એ આવ્યું કે શીખ વગેરે બહાદુર સમાજો જ્યારે પ્રગતિ તરફ કૂચકદમ કરતા, રાષ્ટ્રના ઉત્થાનના મોખરે ઊભા રહી શતશ્રી અકાલ વગેરે ધ્વનિથી દેશનાં વાતાવરણને ચેતનવંતું બનાવે છે, સ્વાર્પણના સાથિયા પૂરે છે અને દેશના નિમકને હલાલ કરે છે, ત્યારે અમારો જૈન સમાજ આજે કીડીના વેગે પેટ ઘસતો, દેશના કૂચકદમ પાછળ શરમભરી રીતે ઘસડાય છે, સન ૧૯-૨૧ના યાદગાર જંગમાં એનાં ત્યાગ કે બલિદાનની કથા ક્યાંય સંભળાતી નથી. એના મહારાજા શ્રેણિક, ચેટક અને કુમાર-પાળના ત્યાગ જોવાતા નથી. એના મહામંત્રી અભય, આભુ, વિમળ, મુંજાલ, ઉદાઇન, આમળ, વસ્તુપાળ કે ભામાશાની ન્યોચ્છાવરી નજરે પડતી નથી. આ બધાના મૂળમાં તપાસ કરીએ તો જણાશે કે સમાજનો કબજો જમાવી બેઠેલો આ ત્યાગી સમાજ એના અંતરાયરૂપ છે, પણ દશ વર્ષ પછી સમાજનો એક વર્ગ આ ધર્મગુરુઓની ગુલામી, જોહાકી અને જક્કડમાંથી છૂટો પડી ગયો છે. અને દેશના બલિદાનના પંથે પડી ગયો છે. અમદાવાદ, સુરત, મુંબઈ અને ધોલેરા વગેરે રણજંગોમાં આજે જૈનોની ટુકડીઓ નજરે પડે છે. શેઠ સુશિલ, મેઘાણી, મહીશેરી, કાનજી માસ્તર અને એવા જૈનો બહાદુરીના જંગ ખેલે છે અને સેંકડો જૈન નવયુવાનો રાષ્ટ્રનો ઝંડો ફરકાવે છે. શ્રી ચારિત્રવિજયજી મહારાજ જાણીને આનંદ પામશે કે એમની ઉમેદ અને આશીર્વાદ ઝીલવા માટે એમના સહતીર્થિઓના ચકરાવામાંથી જૈન યુવાન મેદાને પડ્યો છે. શ્રી કર્પુરવિજયજી મહારાજ, શ્રી વલ્લભસુરી, શ્રી ન્યાયવિજયજી, શ્રી કલ્યાણચંદજી અને શ્રી નાનચંદ્રજી જેવા થોડા જૈન ત્યાગીઓ ખાદી પહેરે છે, પહેરાવે છે, કાંતવાનું કહે છે, કહેવાતા અસ્પૃશ્યો સાથે ભળે છે. અને રાષ્ટ્રનો અલખ જગાવે છે, પણ બીજા સેંકડો અને હજારો ત્યાગીઓ ત્યાગના નામે વિલાસ ભોગવે છે. અમારે તો બધુંય દેશ છે એમ કહી લે કે શાયર અને મેન્ચેસ્ટરના સ્વાંગમાં મહાલે છે. ખાદી એને ખૂંચે છે, સાદાઇ એને

ખટકે છે તેથી રેંટિયા જેવા પુનિત યજ્ઞકાર્યમાં એને હિંસાનાં દર્શન થાય છે અને ન કાંતવાના એ નિયમ કરાવવાનું પાપ કરે છે. નારીસમાજને એ નવરો બનાવી કુથલી અને નિંદાની સગવડ કરી આપે છે. નોકારશીઓનો જમણો, લાણીઓનો, સામૈયાઓનો ઉપદેશ જો થઇ શકે છે, તો રાષ્ટ્રયજ્ઞ માટે કાંતવાનો અને ખાદી પહેરવાનો ઉપદેશ ન થઇ શકે એમાં હિંસા છે, આમ કહેનાર ત્યાગી તો નથી જ, ગૃહસ્થેય નથી, એ દેશદ્રોહી છે, નિમકહરામી છે. આવા લુણહરામીઓ બાવા, વૈરાગી, કાપડી, સંન્યાસી, જૈન યતિ કે ત્યાગીના ઝભ્ભા નીચે ફરતા હોય તો સમાજે એ લંગોટાઓની હવે ચોકી કરવાનો સમય આવી પહોંચ્યો છે. જે રાષ્ટ્રનું એ અન્ન ખાય છે, તે રાષ્ટ્ર માટે ફાળો ન આપનાર ફકીરીના બહાને સમાજ પર લદાય એમાં સમાજની શરમ છે. એકેએક ભિક્ષાન્દેહી કરનારાઓએ ભિક્ષાના બદલામાં રાષ્ટ્રીય કર તરીકે (શ્રી ચારિત્રવિજયજી અને કલ્યાણચંદ્રજી તો કાંતે છે જ) કાંતવું જોઇએ અથવા સમાજે ત્યાગના સૂચક ઝભ્ભાઓ છોડાવી મજુરીના ક્ષેત્રમાં જવા ફરજ પાડવી જોઇએ. શ્રી ચારિત્રવિજયજી મહારાજના કાગળનો એ સાર હોવાનો મારો અભિપ્રાય છે.

# જૈન કૉન્ફરન્સના પ્રચાર માટે લાયજામાં મેળાવડો
# કૉન્ફરન્સના પ્રાંતિક મંત્રી શ્રી ક્ષમાનંદજીનું વ્યાખ્યાન

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના પ્રોવિન્સ્યલ સેક્રેટરી શ્રી ક્ષમાનંદજી શ્રીજીમહારાજે પરિષદના પ્રચારાર્થે શ્રી માંડવી તાબે મેરાઉ તથા બાડા મુકામે જાહેર વ્યાખ્યાનો આપ્યાં બાદ, તા. ૬-૪-૩૦ ના રોજે શ્રી લાયજામાં ''કૉન્ફરન્સનો સંદેશ અને આપણી ફરજ'' એ વિષય પર ભાષણ આપ્યું હતું. રા. સા. શેઠ રવજીભાઈ શોજપાળના નેતૃત્વ તળે દેરાસરના વિશાળ ચોકમાં જંગી મેળાવડો થયો હતો. સ્ત્રી-પુરુષોની ખૂબ ઠઠ્ઠ જામી હતી. જૈનેતરોએ પણ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

શરૂઆતમાં રા. સા. શેઠ રવજીભાઈ શોજપાળે વક્તાની ઓળખ આપ્યા બાદ શ્રી ક્ષમાનંદજીએ પોતાનું વક્તવ્ય ચાલુ કર્યું હતું. કોન્ફરન્સનો હેતુ, તેનો ઉદ્દેશ અને ઉપયોગિતા સમજાવ્યા બાદ જાુન્નેર મુકામે મળેલ અધિવેશનની વિગતો અને ત્યાં પસાર થયેલા ઠરાવો સમજાવ્યા હતા.

સંગઠનના ઠરાવ પર બોલતાં વીસા ઓશવાળ સમાજમાં ચાલતા ઝઘડાઓનો તાત્કાલિક અંત આણવા લાગતા-વળગતા અને સમાજ હિતેચ્છુઓને ઉદ્દેશી લાગણીભરી અપીલ કરી હતી. આ ઝઘડાનો અંત આણી, કાંઠી પ્રદેશ માટે બોર્ડિંગ ઊભી કરવા તેમ જ બાળલગ્ન, વૃદ્ધવિવાહ, લગ્નાદિ પ્રસંગે ફુજૂલ ખર્ચા વગેરે નાબૂદ કરવા પાછળ પોતાની શક્તિનો વ્યય કરવા શ્રીમાનોને આગ્રહ કર્યો હતો. બાળકો અને યુવાનોને તાલીમ આપવા વ્યાયામ મંડળો અને અખાડાઓ સ્થાપવા ભલામણ કરી હતી. પ્રેતભોજન અને સામાજિક સડાઓ માટે ખૂબ ઝાટકણી કાઢી હતી. અંતમાં દીક્ષાના ઠરાવ પર બોલતાં જણાવ્યું કે,:-

દીક્ષા એ પવિત્ર વસ્તુ છે, એના આરાધકની ચરણરજ મસ્તકે લગાવતાં આપણે પોતાના જીવનને કૃતાર્થ માનીએ છીએ. વૈરાગ્યમાર્ગના સાચા ઉપાસકનું પ્રાતઃકાળે નામસ્મરણ કરી પોતાને પાવન થયેલા માનવાનું જૈન સંસ્કૃતિએ આપણને શીખવ્યું છે, પણ ત્યાગ અને વૈરાગ્યની મોહક વાતો કરી અંતરમાં ઈર્ષા અને ઝેરની ઘાતક વાસનાઓ પોષી, ભોળા લોકાના ભમાવવાની નીતિ આજનો જાગૃત સમાજ નહીં નિભાવે, પંદર રૂપિયાનો પગારદાર નોકર રાખતાં આપણે દસ વખત તેની લાયકાત તપાસીએ અને દીક્ષા જેવી પરમ પવિત્ર તથા ખાંડાની ધાર સમી કઠિન વસ્તુનો સ્વીકાર કરનારની યોગ્યતા તપાસવાનો આપણે ઈન્કાર કરીએ, એના જેવી હાસ્પાસ્પદ વસ્તુ બીજી કઈ?

જેને સંસારનાં ક્ષણિક સુખો પ્રત્યે અભાવ ઉત્પન્ન થયો છે, જગતની જંજાળો જેને ઝેર સમાન ભાસે છે, આધિ-ઉપાધિથી જે ત્રાસ્યો છે, તેને છળ–કપટ અને પાખંડો રચી, કોઇ અંધારી ગલી-કુંચીઓ કે નિર્જન સ્થાનોમાં ચોરની માફક ઉઠાવી જઈ દીક્ષા આપવાની શી જરૂર પડે? એવા વૈરાગ્યવંત વિશુદ્ધ આત્માને કોણ અટકાવી શકવાનું હતું? સ્વજન-સંબંધીઓનો એના પર ગમે તેટલો પ્રેમ કે મોહ હોય, પણ એની અડગ વૃત્તિ અને વૈરાગ્યભાવના સર્વને આધીન બનાવે છે, પણ એવા વિશુદ્ધમાર્ગીઓ આવા દંભીઓના અખાડાઓમાં તો ન જ જાય, જ્યાં બહાર ત્યાગની મોટીમોટી બાંગો પુકારવા છતાં ખાનગી રીતે વૈભવમાં મહાલવાપણું જ હોય, આધિ-ઉપાધિથી દૂર રહેવાનું ઉપદેશવા છતાં રાત્રિ-દિવસ ખટપટોમાં જ મસ્તતા હોય, ધર્મના ઉદ્ધારની ડિંગો હાંકી, પરિણામમમાં ધર્મની હેલના જ કરાતી હોય ત્યાં આવો આદર્શ યોગીપુરુષ એક દિવસ પણ શેનો રહી શકે? એ તો કોઇ પવિત્ર વિશ્વવંદ્ય સંતનાં ચરણે પોતાનું જીવન સમર્પણ કરે, એવાઓની દીક્ષાનો વિરોધ કોઇ પણ કરનાર છે જ નહીં, એટલે પરિષદના આ ઠરાવનો વિરોધ કરનાર - એથી અધર્મ થઈ જવાની વ્યર્થ પોકારો કરનાર પોતે જ દીક્ષાના સાચા ઉપાસક નથી, એમને તો જૈનોમાં ઘેરઘેર હોળીઓ પ્રગટાવી સમાજ છિન્નભિન્ન કરી નાખવો છે, પણ સમાજ આ રમતને ક્યારનોએ ઓળખી ગયો છે. ભારતવર્ષના આઝાદ જૈન યુવાનો એનો સામનો કરવા પૂર્ણ તૈયાર છે વિગેરે.

શ્રી. ક્ષમાનંદજીએ આ વિગેરે વિષયો ચર્ચતા બે કલાક લીધા હતા અને છેવટે લાયજા ગામમાં પ્રેતભોજન સદંતર બંધ કરવા માટે મજબુત આગ્રહ કરી પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

રા. સા. શેઠ રવજીભાઈ શોજપાળ, શેઠ માવજીભાઇ અને ડૉ. બાલુભાઇએ પણ સામાજિક સડાઓ અને પ્રેતભોજન નાબુદ કરવા માટે વિવેચન કર્યું હતું. પરિણામે થોડાજ સમયમાં મહાજનની ધોરણસર સભા મેળવી (પરદેશ વસનારાઓની સમ્મતિ મેળવી) પ્રેતભોજન બંધ કરવાનો ઠરાવ કરવાનો નિર્ણય થયો હતો, તેમજ ગામમાં એક મિત્ર મંડળ સ્થાપી બાળકો અને યુવાને તાલીમ આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મોડી રાત્રે મહાવીરના જયનાદથી સભા વિર્સજન થઈ હતી.

પ્રેષક : વસંત લીલાધર કચ્છ કેસરી,
દેવપુર/મુલુંડ, મો. ૮૪૫૧૦૯૮૬૭૮

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

*સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.*

| | | |
|---|---|---|
| પુસ્તક | : | દેવોની ઘાટી |
| લેખક | : | ભોળાભાઈ પટેલ |
| પ્રકાશક | : | આર. આર. શેઠની કંપની - મુંબઈ/અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૧૯૯૩ (બીજી આવૃત્તિ) - [૧૯૮૯ (પ્રથમ આવૃત્તિ)] |

કર્ણાટકની સાહિત્યિક, સાંસ્કૃતિક અને વિદ્યાકીય માહિતીની કશીક જાણકારી મેળવી. હવે આપણો પ્રવાસ આગળ વધે છે.

તિરુવનન્તપુરમ્‌ની બાર્ટન હિલમાં એક સાંજે સૌ વાતો કરતા ઊભા હતા અને ગોમ્મટેશ્વરનો નિર્દેશ થયો. મંત્રોચ્ચાર કરતાં શેષશાસ્ત્રી તરત બોલી ઊઠેલા, ''શ્રી ગોમ્મટજિનનં નરવાગામરદિતિજ.......' શેષશાસ્ત્રી કહેતા રહ્યા. 'ગોમ્મટેશ્વરના પ્રવેશદ્વારે કવિ બોપાણણાનો અભિલેખ છે જેમાં ગોમ્મટેશ્વરની પૂર્ણ કથા આલેખિત છે.'

મૈસુરથી શ્રવણ-બેળગોળનું અંતર સારું એવુંછે. જૈન ધર્મની અનેક કથાઓ સાંભળેલી અને અનિલાબહેને ભરત-બાહુબલિની વાત ઉપાડીઃ

'વીરા મારા ગજ થકી ઊતરો'. ભયંકર તપ કરતા બાહુબલિને એમની બહેનોએ કહેલ આ શબ્દો પર ભાર મૂકતાં એમની બહેનોએ કહેલ વાત પહેલાં તો બાહુબલિને ન સમજાઈ, પણ પછી સમજી ગયા.

''અભિમાનના ગજ થકી ઊતરો-તપનું પણ અભિમાન હોય? તપસ્વી ભાઈને બહેનોએ કેવો પ્રબોધ આપી દીધેલો! જૈન ધર્મના આદિ તીર્થંકર ઋષભદેવ. એમના જ પુત્રો ભરત અને બાહુબલિ. ઋષભદેવ વિરાગી બની ગયા પછી ભરત રાજા થયો અને બાહુબલિ યુવરાજ. ભરતનો પોતાના શસ્ત્રાગારમાં ચક્રરત્ન દેખાયું. આવું ચક્રરત્ન

દેખાય એટલે એ રાજા ચક્રવર્તી બને એવો સંકેત. ભરત, પછી તો સેના લઈને નીકળી પડ્યો અને દશે દિશાઓ જીતી રાજધાનીમાં પાછો આવ્યો, પણ ચક્રરત્ન નગરને દરવાજે જ અટકી ગયું. પૂજારીઓએ કહ્યું કે, હજી તમારો કોઈ પ્રતિદ્વન્દ્વી શરણે થવાનો બાકી છે. ખબર પડી કે એ તો એના ભાઈઓ જ છે. ભરતે ભાઈઓ સામે લડવાનું નક્કી કર્યું. બીજા ભાઈઓ તો મોટા ભાઈના વર્તનથી વૈરાગી બની ગયા, પણ બાહુબલિએ આહ્‌વાન આપ્યું. બંનેનાં લશ્કરો લડે એના કરતાં નક્કી કર્યું કે બંને ભાઈઓ જ દ્વન્દ્વ યુદ્ધ કરે અને એમાં જે જીતે તે જીત્યો ગણાશે. દૃષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને મલયુદ્ધ ત્રણેમાં બાહુબલિ જીત્યા. ગુસ્સે થયેલા ભરતે ચક્રરત્નનો બાહુબલિ પર પ્રયોગ કર્યો પણ એ તો બાહુબલિની ત્રણ વાર પ્રદક્ષિણા કરી બાજુમાં ઊભું રહી ગયું. બાહુબલિ જીતી ગયા, પણ ભરતને માથું નમાવી ઊભેલો જોઈ બાહુબલિને એકદમ વૈરાગ્ય આવી ગયો અને બધું છોડી તપ કરવા ચાલ્યા ગયા.''

''તપ તો શરૂ કર્યું, પણ જ્ઞાનપ્રાપ્તિ ન થઈ. એમને થયું, હું ભરતની ભૂમિ પર ઊભો છું. પછી ભરતે આવી, બધું એમને ચરણે ધરી કહ્યું કે આ રાજ્ય તમારું જ છે. ભરતના એ વર્તનથી બાહુબલિમાં જ્ઞાનોદય થયો, કેમ કે, વિશાળ ક્ષમાભાવ પેદા થયો હતો.''

બાહુબલિનું ભવ્ય રૂપ દૃષ્ટિ સમક્ષ આવે છે. ઘોર તપથી જેમની આસપાસ સાપના રાફડા છે અને એમના વિશાળ દેહ પર વેલીઓ ચઢી ગઈ છે એવા તપસ્યાનિરત બાહુબલિ.

યાત્રા હવે શ્રવણ-બેળગોળ તરફ આગળ ધપી રહી છે. સપાટ ભૂમિ પર ગાડી દોડી રહી છે. આસપાસ ક્યાંય વૃક્ષ નથી. હવે દૂર એક ટેકરી દેખાય છે. ટેકરી પર દૂરથી બાહુબલિ-ગોમ્મટેશ્વરની મૂર્તિ દેખાય છે. વિરાટ મૂર્તિ છે બાહુબલિની. ઈલોરાના કૈલાસ મંદિરના શિલ્પીથી આપણે અજાણ છીએ. આવું જ ગોમ્મટેશ્વરની આ વિરાટ મૂર્તિના શિલ્પકારનું નામ સુધ્ધાં આપણે જાણતા નથી, પણ એ મહાન શિલ્પીઓ હતા. ગોમ્મટેશ્વરના આ મહાન શિલ્પીએ પહાડને ચારે તરફથી કોરીને આ અદ્‌ભુત શિલ્પનું સર્જન કર્યું છે. ગોમ્મટેશ્વરના આ સ્થપતિએ અદ્‌ભુત કલ્પના-શીલતાથી આ અનુપમ સર્જન કર્યું છે. અહીં મંદિરની દીવાલો નથી. ''અહીં દિશાઓ એ જ દીવાલો અને આકાશ એજ છત. અદ્‌ભુત! અદ્‌ભુત!''

તડકામાં ઇન્દ્રગિરિ ટેકરી હવે સ્પષ્ટ વરતાવા માંડી છે. ગોમ્મટેશ્વરની પ્રતિમાનો આકાર દૃષ્ટિને પાવન કરી રહ્યો છે. ઈન્દ્રગિરિ હવે મનમાં વસી ગઈ છે.

એક પણ વૃક્ષ નહિ, અધિષ્ઠાતા ગોમ્મટેશ્વર જેવી જ અનાવૃત. લાગ્યું કે કોઈ અતિ પ્રાચીનકાળની ભૂમિ પર આવીને ઊભા છીએ. જૈન પુરાણોએ એને અતિ પ્રાચીન બનાવી દીધી છે. એટલી પ્રાચીન કે કાલગણનાના સંવતો કામ ન લાગે.

ટેકરી પર ઉપર જવા અહીં પહાડમાં જ કોરેલાં પગથિયાંની હાર છે. ઈન્દ્રગિરિ એક અખંડ પહાડી છે. નીચે એક ગોપુર પર નજર પડી. એ છે ચંદ્રપુષ્કરિણી - એક સુંદર તળાવ. આ છે પ્રવેશદ્વાર.

''કોઈ પણ તીર્થનાં પગથિયાં ચઢવાં એટલે ઊર્ધ્વપ્રતિ આરોહણ. એક ભગવત્ ભાવ મનમાં ઉદિત થતો જાય. એમાં સ્થળનો ઈતિહાસ અને એની કથા ઉમેરો કરે. ચંદ્રગુપ્ત મૌર્ય અહીં આવેલો એણે દીક્ષા લીધેલી.''

''ગોમ્મટેશ્વર? એવું કેમ નામ હશે? ઇતિહાસ કહે છે કે ગંગરાજ રાજમલ સત્યવાડના મંત્રી ચામુંડરાયે ઈસુની અગિયારમી સદીમાં આ વિરાટ મૂર્તિની રચના કરાવી હતી. ચામુંડરાયનું બીજું નામ ગોમ્મટ; એટલે એમણે સ્થાપિત કરેલા દેવ કહેવાયા ગોમ્મટેશ્વર.''

અહોહો!!... કેવી વિરાટ મૂર્તિ.

આ વિરાટ મૂર્તિ એક નજરમાં સમાઈ ન શકે. ઉત્તર દિશામાં નિમીલિત નેત્રે તપસ્યારત છે. કલ્પના તો કરો; અઠ્ઠાવન ફૂટની ઊંચાઈ, પાંચ ફૂટ લાંબા પગ, સાત ફૂટ લાંબા હાથ, છવ્વીસ ફૂટ પહેળી છાતી, પોણા ત્રણ ફૂટ લાંબી ટચલી આંગળી, પણ શું આ વિરાટને માપમાં બાંધી શકાય?

''નગ્નતાનું સૌંદર્ય જોયું છે. ડસી જતું સૌંદર્ય, કલાકૃત્તિઓનું પણ, જેનું રૂંવે રૂંવે ઝેર ચઢે, પણ બાહુબલિની નગ્નતા? આ વિરાટ નગ્નતા પાવનત્વનો જ બોધ કરાવી રહે છે પ્રતિપળે. એનાં ચરણ પાસે જઈ ઊભાં રહીએ, એમના નખ જેવડા લાગીએ. બાહુબલિનાં ચરણની જ પૂજા થાય છે. બાર વર્ષે જ સર્વાંગ અભિષેક થાય''.

ચામુંડરાયે મૂર્તિની સ્થાપના કરી ત્યારે પ્રથમ અભિષેક વખતે એક વિચિત્ર ઘટના બની. મધુપર્કના ઘડાઓ રેડી મૂર્તિ પર અભિષેક કરાયો, પરંતુ કેમેકરી ધારા મૂર્તિની નીચે સુધી પહોંચે જ નહિ. કહે છે કે, ચામુંડરાયને અભિમાન ચડેલું. ત્યાં એક ભરવાડણ પસાર થતી હતી. ગોમ્મટપ્રભુની પરમભક્ત. એણે પૂછ્યું - શું દેવ અભિષેક નથી સ્વીકારતા? ભરવાડણે એક નાળિયેરની કાચલી લઈ પોતાની છાતી પાસે ધરી અને છાતીમાંથી વહાવેલા દૂધથી ભરી આપી અને કહ્યું કે એ દૂધથી સૌપ્રથમ અભિષેક કરો. દેવે અભિષેક સ્વીકાર્યો. દૂગ્ધ ધારા શિરથી ચરણ

સુધી પહોંચી અને પછી દેવે અભિષેકો સ્વીકાર્યા. ચામુંડરાયનું અભિમાન ઊતરી ગયું. કહે છે કે, પેલી ભરવાડણ કોઈ દેવી હતી. ભરવાડણનું રૂપ દેવીએ લીધેલું. ઓહ! કેવી રોમાંચક કથા!

''અમે ઊભાં ઊભાં શિખનખ દર્શન કરવા લાગ્યાં. વિરાટ મસ્તકે આછા વાંકડિયા કેશ, લાંબા ખભે અડવા જતા કર્ણ, અર્ધનિમીલિત આંખો, પ્રમાણથી જરા જાડી ડોક - પણ એનું જાડ્ય કઠે નહિ. વિરાટ છાતી અને આજાનુદીર્ઘ ભુજ. એ ભુજ પર લતાઓ વીંટળાયેલી છે. એ લતાઓ નીચે બંને ચરણથી ઉપર ચઢેલી છે, હજારો વર્ષના તપનું સૂચન કલાકારે સૂચવી દીધું છે. ઉદર પર એક રેખા છે. બંને ચરણ તો જાણે વિરાટ સ્તંભ. જાંઘ પર પેલી લતા વીંટળાયેલી છે. કલાકારે ધાર્યું હોત તો નગ્નતાને ઢાંકી દીધી હોત - પણ ના, આ દિવ્ય નગ્નતાને તો એ દર્શન કરાવવા માગે છે. અહીં કલામાં પરિણત નગ્નતા છે. આ વિરાટ મૂર્તિ એવી કંડારાયેલી છેકે મૃદુતા અને મુલાયમતાનો પણ બોધ થાય. ચહેરા સામે જોયા કરો. હોઠ પર કોઈ વીતરાગીનું ઉદાર આછું સ્મિત છે શું?''

''આ મૂર્તિ કોઈ વિરાટ પ્રસ્તર ખંડમાં ઘડીને પછી સ્થાપિત નથી કરી. ઈન્દ્રગિરિ પહાડનો જ એક ભાગ છે. આસપાસથી શિલ્પીએ પથ્થર કોરીને હટાવી લીધો છે. ગોમ્મટેશ્વર આ પહાડીનું જ જાણે શીર્ષ છે''.

''શિલ્પીને નમન તો એટલે કરવાનાં છે કે એણે પછી દીવાલો અને છતનું મંદિર ન રચ્યું. આ વિરાટ દેવતાને પછી તો દિશાઓ જ દીવાલો. ઉપર આકાશનું છત્ર. ઉપર જોયું - નીલ આકાશમાં થોડાં ભૂરાં વાદળ અને ચારેબાજુએ ઢળતી ક્ષિતિજ. વિશ્વના વિરાટ મંદિરમાં ગોમ્મટેશ્વર. એમની બંને બાજુએ ચામરધારિણીની સુંદર નાની મૂર્તિઓછે. કહે છેકે એ પેલી ભરવાડણની છે.''

મનમાં એક તસવીર સદા માટે અંકિત થઈ જાય છે. વિરાટ દેહ, પણ એ વિરાટમાં છે કેવળ પાવિત્ર્ય. એના અનુપમ સૌંદર્ય પાસે મસ્તક નમી જાય. એની નગ્નતા પણકેવી પાવનકારી ! મનમાં ભક્તિના ભાવોનું સ્ફુરણ કરતી પાવિત્ર્ય નિમજ્જીત નમ્રતા છવાઈ રહે છે.

ખરેખર, અદ્ભુત.... અદ્ભુત અને કેવળ અદ્ભુત!!!

હવે પછી : હળેબીડ અને બેલુરનાં મંદિરો.

ફોન: ૯૩૨૩૫૪૧૩૫૧

# મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે

ડૉ. મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખ (ભાગ-૧)માં આપણે જાણ્યું કે ૪૮ વર્ષના દરદીને છેલ્લાં પાંચેક વર્ષથી માથાનો દુઃખાવો થતો હતો. શરૂશરૂમાં માથાના દુઃખાવામાં વધઘટ થતી હતી પરંતુ દોઢેક વર્ષથી દુઃખાવો સતત રહેતો હતો. જેને લીધે દરદી ઓફિસમાં અનિયમિત જતો હતો. આથી આર્થિક સમસ્યાઓ ઊભી થઈ હતી.

એમ.ડી. ફિઝિશિયન, ન્યુરોલૉજિસ્ટોનો અભિપ્રાય લીધો હૉસ્પિટલમાં દાખલ થઈ બધી તપાસ કરાવી. બધું જ નૉર્મલ આવ્યું.

લેખકનો અભિપ્રાય લીધો. મનની વૈજ્ઞાનિક તપાસ (M.S.E) કરી નિદાન કર્યું. મનોચિકિત્સા (દવાઓ, કાઉન્સેલિંગ, બિહેવિયર થેરાપી, સી.બી.ટી.) કરી. થોડા સમયમાં માથાનો દુઃખાવો નાબૂદ થયો.

આ લેખમાં દરદીની માનસિક વૈજ્ઞાનિક તપાસ વિષે જાણકારી મેળવીએ.

### ફૅમિલી ડૉક્ટરો પાસે આવતા માથાના દુઃખાવાના દરદીઓ

સંશોધનો દ્વારા સાબિત થયેલ છે કે ફૅમિલી ડૉક્ટરો પાસે આવતા બધા દરદીઓમાં માથાના દુઃખાવાની ફરિયાદ પ્રથમ પાંચ ફરિયાદોમાંની એક ફરિયાદ છે. સ્ત્રીઓમાં માથાના દુઃખાવાની ફરિયાદ પુરુષો કરતાં વધારે જોવા મળે છે.

### શું માથાનો દુઃખાવો બીમારીનું નિદાન કરે છે ?

માથાનો દુઃખાવો થવો એ ફરિયાદ (Symptom) છે જે દરદી કરે છે એ બીમારીનું નિદાન નથી. વિશ્વ આરોગ્ય સંસ્થાના (WHO) આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ પુસ્તક (ICD-૧૦)માં માથાનો દુઃખાવો એ બીમારી નથી, પણ લક્ષણ છે.

જેમ તાવ આવવો એ બીમારી નથી, પરંતુ બીમારીનું લક્ષણ છે. માથાનો દુઃખાવો થનાર દરદીને મૂળમાં શું બીમારી છે? એનું નિદાન કરવું અગત્યનું છે જેથી યોગ્ય સારવાર થઈ શકે. જેવી રીતે તાવની ફરિયાદમાં મૂળ બીમારીની (ટીબી, ન્યુમોનિયા, ફ્લૂ, પેશાબમાં રસી વગેરે) સારવાર કરવાથી તાવ દૂર થાય છે તેવી જ રીતે માથાના દુઃખાવામાં મૂળ બીમારીની સારવાર કરવાથી માથાનો દુઃખાવો દૂર થાય છે (લેખ ભાગ-૧ માં તપનનો કિસ્સો)

**નિદાન :**

માથાનો દુ:ખાવો કેટલા સમયથી છે તથા માથાના દુ:ખાવાની માત્રા કેટલી છે એ પ્રમાણે નીચે પ્રમાણે વર્ગીકરણ નિદાન માટે મદદ કરે છે.

**૧) તાજેતરનો /ટૂંકા સમયનો માથાનો દુ:ખાવો: (Acute Headache)**

એક મહિનાથી ઓછા સમયથી થતો માથાનો દુ:ખાવો તાજેતરનો માથાનો દુ:ખાવામાં (Acute Headache) વર્ગીકરણ કરાય છે.

જીવનમાં પહેલાં ક્યારેય માથાનો દુ:ખાવો ન થયો હોય તથા દુ:ખાવો એક મહિનાથી ઓછા સમયનો હોય તે તાજેતરનો માથાનો દુ:ખાવો ગણાય છે.

આવા કિસ્સા માટે મોટે ભાગે શારીરિક બીમારીનું નિદાન થાયછે. ન્યુરોલૉજિકલ વૈધકિય તપાસ તથા સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, ઈ.ઈ.જી. વગેરે તપાસ અગત્યની છે.

નિદાન પ્રમાણે શારીરિક સારવાર મહત્ત્વની હોય છે.

**૨) વચ્ચેના સમયનો માથાનો દુ:ખાવો (Subacute Headache)**

એક મહિનાથી વધારે, પરંતુ છ મહિનાથી ઓછા સમયના માથાના દુ:ખાવાનું વર્ગીકરણ આ વર્ગમાં થાય છે.

જેમ માથાના દુ:ખાવાનો સમય વધારે (મહિનાઓમાં) તેમ શારીરિક બીમારીઓની સંભાવના ઘટતી જાય છે. આ વર્ગના દરદીઓમાં શારીરિક કારણોની જોડે મનની તપાસ (વિચારો, લાગણીઓ, વર્તણૂક વગેરેની) કરવી ખૂબ જ જરૂરી છે.

સારવાર એ પ્રમાણે થઈ શકે અને દરદીને જલદીથી રાહત મળે.

**૩) લાંબા સમયનો / વારંવાર થતો માથાનો દુ:ખાવો: (Chronic / Frequent Headache)**

છ મહિનાથી વધારે સમયથી થતાં માથાના દુ:ખાવાને લાંબા સમયનો (Chronic Headache) માથાનો દુ:ખાવામાં વર્ગીકરણ કરાય છે.

થોડા સમય માટે માથાનો દુ:ખાવો થાય, પછી મટી જાય, ફરી માથાનો દુ:ખાવો થાય અને મટી જાય એવા માથાના દુ:ખાવાનું વર્ગીકરણ વારંવાર માથાના દુ:ખાવામાં (Frequent Headache) કરાય છે.

આ બંને પ્રકારના માથાના દુ:ખાવા માટે **મનની વૈજ્ઞાનિક તપાસ** (જે નીચે આપેલ છે) **કરાવવી જ જોઈએ**. આ બંને પ્રકારના માથાના દુ:ખાવા માટે અસ્વસ્થ મન કારણ

હોય છે. શારીરિક તથા ન્યુરોલૉજિકલ તપાસ આ કિસ્સાઓમાં નૉર્મલ આવે છે (તપનનો કિસ્સો ભાગ -૧માં)

**સંશોધનનું સર્વેક્ષણઃ**

માથાના દુઃખાવાના બધા દરદીઓનું ન્યુરોલૉજિસ્ટે સર્વેક્ષણ કર્યું હતું જે મુજબ માથાના દુઃખાવાના **૫ દરદીઓમાંથી ૪ દરદીઓ (૮૦%) લાંબા સમયના વારંવાર થતા માથાના દુઃખાવાના હતા.**

**મનની તપાસ :**

માથાના દુઃખાવાના દરદીઓમાં નીચેની બે પદ્ધતિઓ દ્વારા મનની તપાસ કરવામાં આવે છે.

**૧) માનસિક તપાસ** (**Mental Status Examination**)

**૨) માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ** (**Scientific Headache Diary**)

**અ) માનસિક તપાસઃ** (**Mental Status Examination - M.S.E.**)

મનોચિકિત્સક મનૌવૈજ્ઞાનિક પદ્ધતિથી દરદીના મનની તપાસ કરે છે જેને Mental Status Examination કહેવાય છે. જેમાં

૧) દરદીનો સહકાર, તથા વર્તણૂંક વાતચીતની પધ્ધતિ

૨) મુડ-લાગણી

૩) વિચારો તથા વિચારોનો વિષય,

૪) ભ્રમણાઓ

૫) ગ્રહણશક્તિ

૬) યાદ શક્તિ

૭) સામાન્ય જ્ઞાન

૮) વ્યક્તિ બીમાર છે કે નહીં મુદ્દાઓ આવરી લેવાય છે.

નજીકના કુટુંબીજનો પાસેથી દરદી વિષેની જરૂરી ઉપયોગી માહિતી મનોચિકિત્સક મેળવે છે.

દરદીનો સ્વભાવ, વલણ, વગેરે વિષે માહિતી મેળવાય છે. ઉપરોક્ત મુદ્દાઓ પરથી માનસિક નિદાન કરાય છે.

**બ) વૈજ્ઞાનિક પધ્ધતિથી માથાના દુઃખાવાની નોંધઃ** (**Scientific Headache Diary:**)

મનોચિકિત્સક દરદીનો માથાના દુઃખાવાની પદ્ધતિસરની નોંધ ડાયરીમાં રાખવાનું સમજાવે છે.

દરદીએ જાતે નિખાલસપણે નોંધ રાખવી જરૂરી છે. નજીકના કુટુંબીજન પણ આ પ્રકારની નોંધ રાખે છે.

આ નોંધમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાય છે.

૧) દુઃખાવો શરૂ થાય ત્યારનો સમય (સવાર, બપોર, સાંજ) તથા દિવસ.

૨) દુઃખાવો માથાના ક્યા ભાગથી શરૂ થયો અને બીજા ક્યાક્યા ભાગમાં પ્રસર્યો ?

૩) માથાના દુઃખાવા સિવાયના બીજાં લક્ષણો (ઊબકા આવવા, ઊલટી થવી, ચક્કર આવવા, અંધારઊં આવવાં વગેરે) ક્યા છે ?

૪) માથાના દુઃખાવાની તીવ્રતા (Severity) કેટલી હતી ?

૫) માથાનો દુઃખાવો કેટલા સમય સુધી રહ્યો ?

૬) શું કરવાથી માથાનો દુઃખાવો ઓછો થાય છે ?

૭) માથાનો દુઃખાવો ક્યા સ્થળે (ઘર, ઑફિસ, બજાર, મુસાફરી કરતી વખતે વગેરે) શરૂ થાય છે ?

૮) માથાનો દુઃખાવો શરૂ થયો ત્યારે દરદી કઈ પ્રવૃત્તિ કરતો હતો ?

૯) માથાનો દુઃખાવો શરૂ થયો ત્યારે આજુબાજુમાં કઈ ઓળખીતી વ્યક્તિઓ હાજર હતી ?

૧૦) માથાનો દુઃખાવો શરૂ થયો એ પહેલાંની મનની સ્થિતિ કઇ હતી ? મન ક્યા કારણથી અસ્વસ્થ હતું ? (કામનો બોજો, નિરાશા, હતાશાની લાગણી, અપેક્ષિત પરિણામ ન મળવું, અંગત સ્વજન જોડે અણબનાવ, સ્વજનની બીમારી વગેરે)આ નોંધથી જાણવા મળે છે કે માથાનો દુઃખાવોક્યારે થાય છે, દુઃખાવાની તીવ્રતા કેટલી હોય છે, રાહત શાનાથી મળે છે તથા મહત્ત્વનું મન ક્યા કારણથી અસ્વસ્થ થયેલ છે. આ માહિતી સારવારમાં કાઉન્સેલિંગમાં અગત્યની છે.

**સારાંશઃ**

**માથાના દુઃખાવાની ફરિયાદ કરનાર દરદીમાં**

૧) લક્ષણોની ઊંડાણમાં માહિતી

૨) શારીરિક તપાસ

૩) માનસિક (મનની) તપાસ તથા

૪) માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક નોંધ પરથી યોગ્ય નિદાન કરી શકાય છે.

નિદાન પ્રમાણે શારીરિક અને માનસિક પરિબળોને આવરી લઈને સારવાર કરાય છે જેથી અપેક્ષિત પરિણામ સમયસર મળે. (ભાગ ૧માં તપનનો કેસ)

(ક્રમશઃ)

# જીવનનું અણમોલ ઘરેણું ''વૃદ્ધાવસ્થા''

હેમા વીરા

સમાજમાં કુટુંબમાં પણ વૃદ્ધાવસ્થા તરફ વિચિત્ર વલણ અપનાવી રહ્યાના ઘણા દાખલાઓ રોજ નજરે પડે છે. વૃદ્ધ મા-બાપ માથે પડ્યાં હોય તેવું વર્તન તેમની સાથે કરવામાં આવે છે. પરિણામે વૃદ્ધોને પોતાને પણ પોતાના જીવનમાંથી રસ ઊડી ગયો હોય તેમ જણાય છે.

ઘણાને જીવન બોજરૂપ ને કુટુંબ સમાજને ભારરૂપ લાગે છે. જાણે પોતાના જીવનનો કોઈ અર્થ નથી, એવી હીન ભાવનાથી તેઓ પીડાઈ રહ્યા છે. પોતાના જીવન પ્રત્યે બેદરકાર બન્યા છે. જીવનમાંથી વહેલી મુક્તિ મળે તેમ ઇચ્છે છે. આમ તેઓ માનસિક રીતે ભાંગી પડી, આસ્તેઆસ્તે શારીરિક રીતે અશક્ત થતા જાય છે.

બચપણ ને યુવાવસ્થાની જેમ વૃદ્ધાવસ્થા પણ આનંદ-ઉલ્લાસથી ભરેલી છે, જેમ કે, બાલઅવસ્થા ભોળપણ, કિશોર અવસ્થામાં ખેલકૂદ, તરુણ અવસ્થામાં ઉત્સાહ, યુવાનીમાં થનગનાટ અને વૃદ્ધાવસ્થામાં પરિપક્વતા અતિસુંદર લાગે છે. બચપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા વગેરેની એક અલગ આગવી ઓળખ છે, મહતા છે! વિશિષ્ટતા છે.

વૃદ્ધાવસ્થા સુંદર છે કે કદરૂપી તે જોવા માટે દરેકનો દૃષ્ટિકોણ અલગ હોય છે. જુવાનીમાં જેવા મળતી ઊછળકૂદ, ઉમંગ કે મશ્કુરાહટ વૃદ્ધાવસ્થામાં હોતી નથી.

તેમ જ મુખ પર યુવાની જેવી ગુલાબી સુરખી, લાલાસ કે અદ્‌ભુત ચમક હોતાં નથી. પણ તેને બદલે તેમના મુખ પર અદ્‌ભુત ગૌરવવંતી મહત્તા, ધીરતા, સ્વાસ્થ્ય તેમજ ગાંભીર્યનું દર્શન થાય છે. ચહેરા પર દેખાતી કરચલીઓ સંપૂર્ણ સ્વસ્થતા અને શિર પરના સફેદ વાળ દ્વારા વ્યક્તિમાં પરિપક્વતા ઠાવકાઈનાં દર્શન થાય છે.

તેમને જોતા એક પ્રકારની શ્રદ્ધા મનમાં ઉત્પન્ન થાય છે. સમાજમાં લોકો મહત્ત્વનાં પ્રસંગોમાં તેમની સલાહ, સૂચન, માર્ગદર્શન મેળવી તેમના નિર્ણયોને આદરપૂર્વક સ્વીકારે છે.

તેમના ચહેરા પરની કરચલીઓ કે માથા પરના રૂપેરી વાળ તેમની ગરિમા ઘણી વધારે

છે. માથા પરના રૂપેરી વાળ તો રેસ જેવા ઉજ્જવળ હોય છે. જાણે ચાંદીના તારમાંથી તે બનાવ્યા ન હોય! દાંત વગરના નાના બાળકનું હાસ્ય કેટલું અદ્‌ભુત, સોહામણું લાગે છે. તેવી જ રીતે વૃદ્ધાવસ્થાનું બોખલું મોં અને તેમનું હાસ્ય પણ એટલું જ સોહામણું જણાશે.

ફક્ત યોગ્ય દૃષ્ટિનો ઉપયોગ કરશો તો વૃદ્ધ વ્યક્તિઓના મુખ પર તમને વિલાસિકતા કે લોલુપતાખા દર્શન થશે નહિ. યુવાનોની સરખસમણીમાં તમને તેમના મુખ ફિક્કા લાગશે પણ પરિપક્વતા, સમજદારી, અદ્‌ભુત નિર્ણયાત્મક શક્તિ, જટિલ પ્રશ્નો હલ કરવાની આવડત જોઈ આ વૃદ્ધાવસ્થા પર જવાની ન્યોછાવર કરવાનું મન થાય છે.

વૃદ્ધાવસ્થામાં એક અદ્‌ભુત સિદ્ધિ, સંપૂર્ણપણાની ચરમસીમા, સમયનો આધારસ્તંભ છે. શ્રદ્ધા, આસ્થા અને સન્માનથી લચી પડતું વટવૃક્ષ છે, જેની છત્રછાયામાં બેસી આજની નવી પેઢી ઘણું શીખી શકે છે ને ખૂબ જ શાંતિ મેળવી શકે છે.

જે વયસ્ક વ્યક્તિઓએ પોતાનાં વાણી-વર્તન સદ્‌ગુણો ને સંકલ્પો દ્વારા સુંદર વાતાવરણ સર્જ્યું, ભવ્ય માહોલ ઉભો કર્યો હોય છે કે પ્રત્યેક અવસ્થા, ઉંમરમાં તેમની આવશ્યકતા અનિવાર્ય થઈ પડે છે, ઉપયોગી થઈ પડે છે. તેમની વૃદ્ધાવસ્થાને કોઈ બિનઉપયોગી કે ફાલતુ માનતું નથી. જેમણે પોતાની ટેવો, ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને કાર્યો ઉચ્ચ પ્રકારના કર્યાં હશે. તેમને ક્યારેય હડધૂત થવું નહિ પડે, શરમાવવું નહિ પડે અને હંમેશાં લોકો તેમના અનુભવની, માર્ગદર્શનની, તેમની સૂઝબૂઝની પ્રશંસા જ કરશે.

યાદ રાખો, વૃદ્ધાવસ્થા સંતાડવાની કે શરમાવાની અવસ્થા નથી, પણ આનંદ, મોજમસ્તી માણવાની ને વહેંચવાની અવસ્થા છે. પોતે માણો અને દરેક જગ્યાએ ખુશાલીની, આનંદની લહાણી મોકળા મને કરો. વર્ષોની વૃદ્ધાવસ્થાની પ્રસાદી નિરર્થક ન જાય તેનાથી જાતનું, જગતનું ને આત્માનું કલ્યાણ થાય તે જુઓ.

સંસારમાં ખુમારીથી જીવો અને વૃદ્ધાવસ્થાને દીપાવો. ગરવું ઘરેણું જીવનનું એળે ન જાય તેની ગરિમા જાળવજો ને ગૌરવવંતુ ઘડપણ જરૂર દીપાવજો.

મો. : ૮૫૯૧૪ ૫૦૫૨૭

JOURNEY OF LIFE IS EXCITING
WHEN YOU CHALLENGE
YOUR OWN WEAKNESSES.
SOME TIMES YOUR ENEMY
TEACHES YOU BETTER
THAN YOUR FRIEND.

# Camera : A Mirror full of Memories.

KHYATI ANIL HARIA

Few years before when we had a normal life, kids attended off-line school, people gathered at weddings and no one missed their vacation, this post depicts life before Covid 19.

One fine day: - "Smile well while uncle clicks your photograph ! Listen to the instructions!" said myself to my 6 yr old son today morning while we were on our way to school. We were informed by the class teacher that today is their class photograph day and kids have to be dressed in their regular school uniform. We were nearing our school and I waved my son goodbye at the school gate. While going back to my vehicle I overheard a father telling her daughter, "Look into the camera, Smile well!" She didn't respond and without any reaction she walked off to the school gate. I was about to start my bike and all of sudden it striked me that I had to collect a parcel from my brother in law at the school junction. I went behind to collect the same. After collecting the package I was walking towards my bike and my ears heard, "Don't look here and there during the class photograph. Follow what is being said". I looked behind to see and it was one of the mother who was informing her 5 year old son. While I was driving back home with cool breeze all over my face, and my hair flying away, I couldn't stop thinking about the above parents instructions to their respective kids including mine to my son. I didn't have answers to these question which my mind asked me :

Do photos always need perfection?

Why do we always need perfect pictures?

Why not candid pictures? "

A candid photograph is a photograph captured without creating a posed appearance. The candid character of a photo is unrelated to the subject's knowledge about or consent to the fact that photos are being taken. However, if the subject is absolutely unaware of being photographed and does not even expect it, then such photography is secret photography, which is a special case of candid photography. So recently I came across a forward on whtsaap yesterday about Mr. Chetan Gusani - last runner who was running at the sea link at Tata Mumbai Marathon held last Sunday. What came to my mind the moment I saw the picture of him running on the sea link is the beauty of this photograph. Everything in life is not about perfection or winning, it is about the beautiful moments witnessed from behind. Mr Gusani would be totally unaware of someone clicking him from behind as he is just striving hard to run and reach the finish line. No matter he must be feeling frustrated that he is the last one running

but must say this was one of the superb secret pictures (secret photography) captured which he will relish for lifetime as one beautiful memory because great photos don't need to be Perfect!

Candid are the kinds of pictures taken at children's birthday parties and on Christmas morning, opening the presents, the pictures a wedding photographer takes at the reception, of people dancing, eating and socialising. The moment I think of children birthday party, I feel like sharing a very recent experience of mine where I could relate myself thinking about the fact that don't we worry too much about the perfection in a particular, forgetting the real moments behind it.? So it was recently that me and my son attended a kids birthday party at quite an amazing play area for kids and adults. Kids everywhere were jumping on the trampoline and bouncing themselves up and down enjoying their life to the fullest. Few other kids and mumma's wore their harness, helmets, gloves, shoes and were all set to do some climbing and crossing hurdles activities. There was a photographer who was being hired to click some pictures and that's what everyone does to capture few very beautiful moments . While I was eating some French fries and sipping my fresh juice, I saw the photographer had a great time clicking pictures of kids at the party because one could see all kids jumping here and there like cute monkeys everywhere. And the same moment we few mothers chit chatting had a discussion as to how difficult it is to capture these kids perfectly in one frame. Mothers want their kids to pose, look into the camera, take a Selfie, and most importantly to smile! Because otherwise the picture will not come good. Why not just click when the child is not aware. Or just click in whatever and however they want to get themselves being clicked. Candid pictures are always fun to watch again and again. It captures people when they are not aware of their picture being taken. Hence the name candid. Here at the party, the photographer was clicking pictures without staging a scene. Hence it is natural and brings in a sense of realism. That's where the real memory last. We want our kid to be so alert during any photograph moment as if we are giving them a lifetime task. Allas me and my son surely did enjoy every bit of the birthday party. But back in time when I think about it, I feel I struggled myself :

# Clicking some selfies with my son wherein we wore glowing glasses, but he wasn't looking into the camera.

# Clicking pics of my son with his beside (birthday boy). Both equally tired and not interested to smile.

# Clicking a Selfie with a dear old friend whom I met after a long time.

# Asking one of the mothers there to click mine and mine sons picture giving a "yo pose" while we were doing our climbing and crossing hurdle activities.

I am sure the photographer has surely captured moments that are unique, funny, powerful and real because candid photography is a very interesting art form. It's all about capturing the spontaneity of a moment. Whereas, I tried my level best to create a perfect photography which is totally the opposite

of candid photography. Perfect photography allows the photographer to create the perfect space to take a picture where everyone is giving their best pose. Here people are aware that somebody is clicking their picture. This kind of photography is more formal in its approach.

Haven't you all seen offlate people are getting photo shoots done. May it be for a pre wedding shoot, pregnancy shoot, post wedding shoot, 1st birthday shoots, and so on. Agree to the fact that life moments are captured through photography. Sad but true that photography is shifting from memory tool to communication tool. People take photos to document an experience to help them later recall it. But this trend is changing, as we are witnessing a significant shift, among all the generation toward using it as an instrument for interaction and peer bonding."

As with weddings, I have seen people getting candid style photography done during their family photography sessions, which can be so much fun. Some of our favourite candid photos emerge from the energy of teaming up with energetic families who are willing to get silly! Suddenly I went back in time, and recollected a wedding we recently attended. Everyone agrees to the fact that a wedding is a once in a lifetime experience. People want to remember their special day. We recently attended my cousins wedding in Mumbai. Thoroughly we enjoyed clicking selfies, solo pictures and group pictures, pictures with the bride, posing differently and so on. On the other hand I saw our kids who met each others cousin (after a long time) were having a gala time playing and running around the entire banquet Hall. We (who even met after a long time) on the other hand were just giving a tough time to our respective cameras. I observed at the end of the day we just ate and clicked pictures with some funny comments and we spoke very little.

Sooner at the wedding, I noticed there was a dessert counter and there were variety of waffels being served. My son is one big Waffle Fan. He must have eaten 4-5 waffels without my notice. Suddenly we decided to have a group family picture and everyone was searching for their respective family members. It was a task gathering everyone on the stage as we are one big huge gang (50+members). I too was searching for my son, and there I caught him coming hand in hand with one of his cousin friend. Looking at his state of mouth totally loaded with chocolate sauce, I can say he relished the waffels wholeheartedly. But it was time to click and be on the stage. I told him, "look at you my boy, why didn't you wash your mouth?" I over heard one of my cousin telling me," Let it be! Let him not wash his mouth. This is how kids are suppose to be." I told her worriedly, "Soon there is a group photograph taking place. He looks so shabby with chocolate all over his mouth." We were almost on the stage and had no time to clean him. And there, we all cheesed to the camera. I am sure my sons pic would have been the most funniest one with him cheesing his brown chocolate teeth and mouth all covered under chocolate sauce. But the beauty of this group picture will lye in the natural reactions of each one

including my son's because candid are all about snapping photos of people when they are being themselves and not posing for the camera, which is why they are often the most treasured moments and photos from a photo session. It clicks people their best emotions and brings out the feeling of that moment. This is where memories lie. I would love to see this group picture again and again only to look at this funny shabby monkey of mine.

I firmly believe that vacations are a must and we all take a break from our hectic schedule to create some new memories. We've all done it at one time or another: whipped out our smartphone to snap a picture of a sunset at a vacation that is too beautiful to forget, or surreptitiously photographed a particularly impressive dish at a restaurant. If you're on vacation, it's obvious that we document our lives to keep our memories from fading, but with such widespread use of camera phones and new devices and seeing n' number of same pictures in our phone or on our memory drive, don't you get this questions in your mind'?

"Are we taking too many pictures?"

"Aren't we logging our lives?"

"Is technology affecting our ability to make memories?"

Agree to the fact that photography increases the enjoyment of an event. But have you noticed that people who take photos of their experience usually enjoy the events more than people who don't." However I believe that taking too many photos can impair a person's "ability to recall details of the event later." As with all things in life, moderation is key — taking photos, but not doing so excessively, can increase our enjoyment of an experience.

We get so obssesd clicking picture that we are not taking photos to remember a moment, rather we are doing so to mark where we are and how we felt, thanks to our social media. Now I realise and I firmly advice that If you are on a vacation and enjoying some beautiful site, take a couple pictures and put the camera away and enjoy the site. Later, go through them, organise them, print them out, and take the time to reminisce with other people. Those are all things that help keep memories alive."

In the end, when it comes to candid photography or posed (perfect photography), I believe both offer their unique advantages and we are always thinking about how best to capture any given moment! Moreover, some photos are best when they are candid because it always spontaneous :Expect the unexpected. Photos aren't supposed to be the perfect depiction of anything. They exist for delight. Life is all about precious moments and we human beings don't leave any chance to capture them, but we shouldn't really care if pics looked perfect. We should see those authentic moments that people aren't around to capture.

Thank you.

Happy clicking! Happy cheesing!

Village: Halapur
Contact No: 9833412825
Email ID: khyati123@gmail.com

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

વલા,

મુંભઈમેં થ્યો તીં મીં કચ્છમેં પણ વઠો. કચ્છકે અઆ ન્યાલ નાંય કેં સે ગાલ સચી. ત કાનેં મંતર વિગરજેં કચ્છી શબ્દેં જી પાંજી પોખકે ઈગીયા વધારીયૂં. છેલા બ મેડ઼ાવા પાં ''રસ'' મથે ક્યા, રસ જો રસ પીતે જી મજા આવઈ?

કડેં આંકે કોય શબ્દ જાધ પૅ ત હલાયજો મ ભુલજા ભલા !

(૧) લક પું. (સિન્ધી મથા) ડુંગર, (m) mountain

પાં લક જી ગાલ કયૂં તા ત ''લકી'' (ડુંગરાળ પટ) કે જાધ કરી ગિનોં. શબ્દકોસમેં લકી જો અરથ ''એ નામનો ડુંગર'' ડિનલ આય. લકી ઈ કોય પણ ડુંગરાળ પટકે લાગૂ પોંધલ શબ્દ વે ઍડ઼ો નતો લગે?

(૨) લક પું. (અંગ્રેજી - ઇંગરેચી મથા) નસીબ, (m) luck

અઈં ચોંધા નિશીબ જા કચ્છી પર્યાય ત કિસ્મત ને નિસીભ અઈં ત પોય 'લક' જી કુરો જરૂર ? ઍડ઼ો નાંય. ભાસામેં હિકડ઼ે જ અરથજા અનેક શબ્દ વેં. કચ્છી મેં ચૉવાજે ''લક બાય ચાનસ'' અર્થાત્ ''કુદરત સંજોગે''.

(૩) લકભ પું - ઈલ્કાબ (m) Epithet, award

(વાક્ય) બ્રિટિશ રાજમેં ઈનીકે ''રાવ સાહેભ'' જો લકભ મિલ્યો વો !

**પનપટી :** કોય ગુણીયલ માડૂ વે તે તેંલા કચ્છી વાણી મેં જુકો ઉપમા - લકભ ડિનલ આય સે સુણો જૅડ઼ો આય. લખ ડિઈને લિખ વ્યાર વ્યારીજે ઍડ઼ો માડૂ. જેનો ઘડીક સંગ પામવા લાખ રૂપિયા દેવા પડે તો દેવા, પણ એવા માણસને મળી એનામાંથી કોઈક ગુણ જરૂર મેળવવા!

અચીજા,

આંજો વિશન

## 'पूजा'

गिरजाधर, मस्जिद, गुरुद्वारा,
रोज भले तू जा ।
भीख माँग माँगकर,
तेरी ईच्छा अगन बुझा ।
ले ले दु;ख किसीका,
ऐसा सुख नहीं है दूजा ।
बनके इंसा वापस आ जा,
यही है तेरी पूजा ।

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

# કચ્છી ભાનુશાલી સમાજજા વીયાં જા ગીત (ફોટાણાં-ટપા)

## ભ્રામણ લટપટેઓ
## (ફોટાણૂં)

ભ્રામણ વૅલો રે ઉકૅલ ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જા સુપ જૅડ઼ા કન ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જ્યૂં ભટાસે જૅડ઼ીયૂં અખીયૂં ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જો ભભૂ જૅડ઼ો પેટ ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જા બાવર જૅડ઼ા હથ ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જા પિઞણી જૅડ઼ા પગ઼ ભ્રામણ લટપટેઓ
ભ્રામણ જો નરીયે જૅડ઼ો નક ભ્રામણ લટપટેઓ

❖ ❖ ❖

## ભિન્ધલા રે... (ફોટાણૂં)

ડૅઢ નાણો ઉઠ લીધો ભિન્ધલા રે
તેં તેં ચડ઼યો સધર સગ઼ો ભિન્ધલા રે
ચડ઼ંધે ચડ઼ંધે મુખા પડ઼યોસ ભિન્ધલા રે
પુઠિયા ધૉડ઼ઇસ (ઇનજી) બઇયર ભિન્ધલા રે
ખીંકારે નેં ખૉરે વ્યારેં ભિન્ધલા રે
બુચકારે નેં ખૉરે વ્યારેં ભિન્ધલા રે
કુરો જુરેયસ કુરો મુડ઼ેયસ ભિન્ધલા રે
હડ જુરેયાસ સડ મુડ઼ેયસ ભિન્ધલા રે

ડૅઢ નાણો ઉઠ લીધો ભિન્ધલા રે
તેં તેં ચડ઼યો સધર સગ઼ો ભિન્ધલા રે
ચડ઼ંધે ચડ઼ંધે પટ પેઓ ભિન્ધલા રે
પુઠિયા ધૉડ઼ઇ છાડૉડ઼ બઇયર ભિન્ધલા રે
ખીંકારે નેં ખૉરે વ્યારેં ભિન્ધલા રે
બુચકારે નેં મિઠીઉં ડિને ભિન્ધલા રે
કુરો જુરેઆ કુરો મુડ઼ેઆ ભિન્ધલા રે
હડ જુરેઆ સડ મુડ઼ેઆ ભિન્ધલા રે
ખમા ખમા છોરેં જા અધા ભિન્ધલા રે

## જી મરૂઆ લાલ
## (ફોટાણું)

વાડ઼ીયમેં વણ મોર્યા જી મરૂઆ લાલ
ડેડેં સેં વણ હટેયા જી મરૂઆ લાલ
વીણે ખૉરો ભરેયો જી મરૂઆ લાલ
કોરી કૂંઢીય ઘટેયો જી મરૂઆ લાલ
અછે ગ઼ૅણોં ગરેયો જી મરૂઆ લાલ
સોના વાટકો ભરેયો જી મરૂઆ લાલ
પાસેર પિસ્તા ભેરેયા જી મરૂઆ લાલ
અધસેર એરાચીયું ભેરઇયું જી મરૂઆ લાલ
ઉભંધે વીંયાંઇ પીંધો જી મરૂઆ લાલ
પીંધે બઇયર છડીંધો જી મરૂઆ લાલ
વીયાંઇ જે હથો હથ ડીંધો જી મરૂઆ લાલ
લગન લિખાયનેં ડીંધો જી મરૂઆ લાલ
ચૉરી ચિતરાયનેં ડીંધો જી મરૂઆ લાલ
ફેરા ફિરાયનેં ડીંધો જી મરૂઆ લાલ
ઘોડ઼ે ચડ઼ાયનેં ડીંધો જી મરૂઆ લાલ
જાંપો વૉરાયનેં ડીંધો જી મરૂઆ લાલ
માજ઼ન હસ્તક ડીંધો જી મરૂઆ લાલ

## ડાડ઼ી ડૅઢ બુઆરી (ફોટાણૂં)

બુધીયે વીઆંઇ જી ડાડ઼ી નેં ડૅઢ બુઆરી
હાં હાં જી રે હરૂઆ જી રે.....
ઉતર લગ઼ો નેં ડાડ઼ી ભુરકણ લાગ઼ી હાં હાં...
ડખણ લગ઼ો નેં ડાડ઼ી ડૂલવા લાગ઼ી હાં હાં...
વોંધો લગ઼ો નેં ડાડ઼ી ભીંજવા જ લાગ઼ી હાં હાં...
માંક પિઇ નેં ડાડ઼ી ભીંજવા જ લાગ઼ી હાં હાં...
તેંમેં ચિકલીએં માયરો કેઅડ઼ો હાં હાં...
તેંમેં બચલા કિચવિચ કેઅડ઼ા હાં હાં...

## ડાડ઼ી હેલ મુછારી (ટપો)

આઉં ભરત ભરીયાં સારો,
ત્ર પોડેં ત્રોંચીય વારો
પીછી ડ઼ે મોરલીય વારી,
ડાડ઼ી હેલ મુછારી (૨)
જિન ઘર જ્યૂં જંઢીયૂં બાયડ઼ીયૂં,
તિન ઘરજા ભલા ભાગ઼...
જંઢીયેં મિન્જા જાડૂ થેઓ, થેઓ ઑસરીયજો તાલ
ડાડ઼ી હેલ મુછારી.... આઉં...

જિન ઘર જ્યૂં જાડ઼્યૂં બાયડ઼ીયૂં,
તિન ઘરજા ભલા ભાગ઼...
જાડીય મિન્જા મૉરી થિઇ, થેઓ ખીચડ઼ીય જોતાલ
ડાડ઼ી હેલ મુછારી.... આઉં....

જિન ઘર જ્યૂં સનીયૂં બાયડ઼ીયૂં,
તિન ઘરજા ભલા ભાગ઼...
સનીયેં મિન્જા સૂઇ થિઇ, થેઓ ગોધડ઼ીય જોતાલ...
ડાડ઼ી હેલ મુછારી... આઉં...

જિન ઘર જ્યૂં લમીયૂં બાયડ઼ીયૂં,
તિન ઘરજા ભલા ભાગ઼....
લમીયેં મિન્જા આડસર થેઓ, થેઓ જગૅ જોતાલ
ડાડ઼ી હેલ મુછારી... આઉં....

## ફુલ ફગણ જો ઘાઘરો (ફોટાણૂં)

આય ફુલ ફગણજો ઘાઘરો રે!
હિન ઘાઘરે પટજી ડોરી રે! ઘમકે ઘાઘરો!
આય વીંયાંઇ અસાં જો ચાગલો ઘમકે ઘાઘરો!
ઇયતાંખીર સેંચોખા ખાયરે, ઘમકે ઘાઘરો!
ઇતાં ફુલ ફગણજો ઘાઘરો રે!
હિન ઘાઘરે પટજી ડોરી રે! ઘમકે ઘાઘરો!

## હ઼િકડો રે મોતી (ટપો)

હિકડો રે મોતી નોં લખ નાણે (૨)
તોં લધે ખણી ડેં રે બાડા લાડા મોતી
લાડીય નક જો (૨)
કિન સોનીયડેં જેર ઘડઇ
કિન સોનીયડે પટા ઘડયાં
સે સોનીડો મૂંકે ડસ બાડા લાડા મોતી લાડી
નકજો... હિકડો
કિન સોનીયડે હાર ઘડયો
કિન સોનીયડે હાંસલી ઘડઇ
સે સોનીડો મૂંકે ડસ બાડા લાડા મોતીય લાડી
નકજો... હિકડો.
સ્રોત : ધભી મા (બિટા)

## વીંઆંણ આય જાડી (ફોટાણૂં)

આડી આડી વીંઆંણ આય જાડી રે
આડી આડી બુધીયે (વીંયાંઇ) વારી જાડી રે
તેં લા આવઇ હુબડેં જી ઘોડાગાડી હો રાજ,
મિૃગા નેંણે થિઇ નાંગલી ફૂલઇ રે.
લંઢી કે ખેંણેં ન ભાવેં ટોપરા રે
લંઢી કે ભાવેં રાજા જેંડા છોકરા હો રાજ
મિૃગા...આડી આડી...
લંઢી કે ખેંણેં ન ભાવે ખાજા રે
લંઢી કે ભાવેં હંસરાજ જેંડા રાજા હો રાજ..
લંઢી કે ખેંણે ન ભાવેં કેંરી રે
લંઢી કે ભાવેં લાલજી જેંડા લૅરી હો રાજ
મિૃગા.... આડી આડી....

## વિડગો મો વીછીડો
## (ફોટાણૂં)

જીજડી રે મા મૂંકે કારીઅ રાત જો વિડગો મો વીછીડો
હંભે હંભે વીછીડો (કોરસ)
જીજડી રે મા મૂંકે ચીટક મેં ચિટકાયેં..... હંભે હંભે
જીજડી રે મા મૂંકે છેણાં વીણંધે વિડગો મો વીછીડો... હંભે હંભે
જીજડી રે મા પાંચ પટે ઘાઘરે ચડેઆ મો વીછીડો... હંભે હંભે
જીજડી રે મા કસમસ કમખે ચડેઓ મો વીછીડો... હંભે હંભે
જીજડી રે મા નવરંગ ચૂનડીએં ચડેઓ મો વીછીડો... હંભે હંભે
જીજડી રે મા મૂંજે બાપા કે કાગર મોકલ્યો... હંભે હંભે
જીજડી રે મા મૂંજે બાપા જા વૈધ થેઆ ખોટા મો વીછીડો... હંભે હંભે
જીજડી રે મા મૂંજે વીરે કે કાગર મોકલ્યો... હંભે હંભે
જીજડી રે મા મૂંજે વીરે જા વૈધ થેઆ ખોટા... હંભે હંભે
જીજડી રે મા મૂંજે પેણંધલ કે બોલાયો... હંભે હંભે
જીજડી રે મા મૂંજે પેણંધલ જા વૈધ થેઆ સચા... હંભે હંભે
જીજડી રે મા કારીઅ રાત જો વિડગો મો વીછીડો... હંભે હંભે

## હિંઢૉડ઼ો (ફોટાણૂં)

જીં ક જી રે હિંઢૉડ઼ો ઘડાઇયાં ચંધન કાઠ મિન્જા
ઇસૂં આજ઼ જ્યૂં (૨) પાઇયા ચંધન કાઠજા
તૂંત લોડો પાય (૨) જિજે હિરખ મિન્જા
પાસા લંઢીઅજા વેલણ વટેઆ, મખણ જૅડો પેટ...
અખીં લંઢીય જ્યૂં અજભ કટોરા ડોકડ઼ જૅડો વાત...
અખીં લંઢીય જ્યૂં અજબ કટોરા, નક આમેંજી ટૉર...
સીંધ લંઢીય જી મૂતીયેં જડ઼ઇ, ચોટો કારો નાંગ...

**(સંશોધન-સંકલન : નીમૂ નાગડા, વિશન નાગડા)**

## આઉં પીર ચંગો
## (ટપો)

આઉં પીર ચંગો કીં ન ચંગો
ચંગો બાવા ચંગો
મૂંજ્યૂં મુછ્યું કુન્ઢયૂં કીં ન કુન્ઢયૂં
કુન્ઢયૂં બાવા કુન્ઢયૂં
મૂંજી લોડ લમીં કીં ન લમીં
લમીં બાવા લમીં
ફલાણૂં બઇયર ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
લગન લિખાય ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
ચૉરી ચિતરાય ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
ફેરા ફિરાય ને ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
ઘોડે ચડાય ને ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
જાંપો વૉરાય ને ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો
માજન હસ્તક ડીંધો કીં ન ડીંધો
ડીંધો બાવા ડીંધો

ભાનુશાલી સમાજ જેં લગ્નગીત (ફોટાણાં + ટપા) જો હી થાર આંકે કૅડો લગો સે ઑજા આં વટે પારંપરીક લગ્નગીત ફોટાણાં વેંત જરૂર હલાઈજા જુનૂં સૉન આય, ઇનજી કીમથ કડેં પણ ઓછી નાંય થેવારી આંજી ટપાલ જી આસમેં

\- વિશન

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જુન ૨૦૨૧ થી તા. ૩૦ જુન ૨૦૨૧)**

**ચક્ષુદાન : દેહ /ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નિલમ દિનેશ પ્રેમજી નાગડા | ૩૯ | કોટડા (રોહા) | ડોંબિવલી |
| મંદા દિલીપ નરશી સૈયા | ૬૦ | ગેલડા | બોરીવલી |
| ગ.સ્વ. હેમલતા ચુનીલાલ પાસુ છેડા | ૬૪ | ડેપા | સાંતાક્રુઝ |
| ડૉ. લક્ષ્મીબેન મેઘજી કેશવજી મામણિયા | ૭૪ | બેરાજા | મલાડ |
| કલ્યાણજી પોપટલાલ રતનશી ગંગર | ૭૬ | મોટી ખાખર | પાર્લા |
| લખમશી લાલજી શ્રીપાલ ભેદા | ૮૪ | કપાયા | ડોંબિવલી |
| મુકેશ ઉમરશી ભાણજી ગોસર | ૬૦ | રાયણ | સાંતાક્રુઝ |
| અ.સૌ. કુસુમ અરવિંદ કારૂ રાંભિયા | ૬૪ | રામાણિયા | વડોદરા |
| પુષ્પાબેન ધનજી નાનજી ગાલા | ૭૨ | ચીઆસર | હૈદરાબાદ |
| હેમચંદ શિવજી વેરશી દેઢિયા | ૭૫ | મેરાઉ | વિરાર |
| રત્નકુક્ષી મા. વિમળાબેન જેઠાલાલ ચના ગાલા | ૭૬ | ફરાદી | ડોંબિવલી |
| લક્ષ્મીબેન (મા. વેજબાઈ ખીમજી ઘેલા | ૭૦ | - | દહીંસર |
| સંગોઈ, કપાયાની પુત્રી) | | | |
| ગંગાબાઈ પદમશી ગાંગજી ગાલા | ૮૭ | મો. આસંબિયા | ડોંબિવલી |
| માણેકચંદ (સ્વ. ભાણજી નથુ સાવલા | ૮૮– | બોરીવલી | |
| નવાવાસના જમાઈ) | | | |
| ચંદનબેન ધીરજીલાલ ઉમરશી છેડા | ૬૧ | વડાલા | મલાડ (૧ ઉ.) |
| અ. સૌ. ભાવનાબેન ઝવેરી કુંવરજી દેઢિયા | ૬૫ | કપાયા | વલસાડ (૧ ઉ.) |
| તલકશી હીરજી વેલજી ધરોડ (કાનપુરિયા) | ૮૨ | પત્રી | વિરાર (૨ ઉ.) |
| અ.સૌ. પૂર્વી કપિલ વેલજી ગાલા | ૩૭ | સાડાઉ | વાશી |
| અ.સૌ. પુગુણા રાજેન્દ્ર રામજી ગોગરી | ૬૮ | રાયણ (પ્રાર્થના) | સાંતાક્રુઝ |
| કેસરબેન ગોવિંદજી હંસરાજ સાવલા | ૭૫ | કોડાય | માંડવી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કેસરબેન ધનજી શામજી ગડા | ૮૨ | બાડા | સાત રસ્તા |
| માવજી લાલજી લખધીર મામણિયા | ૮૨ | કપાયા | મુલુંડ |
| પુરબાઈ હીરજી ભીમશી દેઢિયા | ૯૧ | ગુંદાલા | વિક્રોલી |
| કુંવરબેન વેલજી પુંજા ગડા | ૯૨ | બાડા | ઘાટકોપર |
| રાજેશ લક્ષ્મીચંદ કુંવરજી શાહ/સૈયા | ૬૨ | કોડાય | પુના |
| નેમચંદ જયંતીલાલ દેવજી વીરા | ૭૫ | દુર્ગાપુર | કાંદિવલી |
| મણિબેન આણંદજી હીરજી ગડા | ૮૪ | દુર્ગાપુર | દાદર |
| શાંતિલાલ લાલજી પ્રેમજી શાહ /છેડા | ૮૫ | પુનડી | સાંતાક્રુઝ |
| શામજી કેશવજી ગડા | ૯૦ | રાયણ | જોગેશ્વરી |
| કેસરબેન મેઘજી પાસુ ગડા | ૯૮ | મોટા લાયજા | દાદર |
| અરવિંદ શામજી રણશી છેડા | ૫૯ | પત્રી | કુર્લા |
| અ. સૌ. મુક્તાબેન શાંતિલાલ રામજી દેઢિયા | ૭૧ | કોડાય | ચેમ્બુર |
| અ.સૌ. ઝવેરબેન તલકશી કેશવજી દેઢિયા | ૭૬ | નાની ખાખર | ગોરેગામ |
| હેમલતાબેન પ્રેમજી કુંવરજી સોની | ૭૮ | દેશલપુર | મુલુંડ |
| લક્ષ્મીબેન રામજી માવજી ગાલા | ૮૦ | મેરાઉ | ખાર |
| મણિબેન દામજી પાંચારિયા ગાલા | ૮૬ | ગોધરા | સાંતાક્રુઝ |
| મા. મણિબાઈ મગનલાલ ગોસર છેડા | ૯૦ | કુંદરોડી | વડોદરા |
| અનિલ ગુલાબચંદ ભવાનજી મારૂ | ૫૨ | મેરાઉ | જબલપુર |
| ભાવના મહેન્દ્ર વસનજી સાવલા | ૬૦ | કોટડી (મહા.) | ગોરેગામ |
| ચંદ્રકાંત વણવીર કરસન નંદુ | ૭૧ | લાકડિયા | માટુંગા |
| મા. નવલબેન દેવચંદ તલકશી ગાલા | ૭૧ | દેવપુર | કાલા પીપલ |
| સુશીલાબેન મેઘજી માણેક ભેદા | ૭૨ | મોખા | મોખા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| સુશીલાબેન મુલચંદ હીરજી છેડા | ૭૪ | ડોણ | લોઅર પરેલ |
| ગં.સ્વ. લક્ષ્મીબેન મગનલાલ રામજી મારૂ | ૭૭ | પ્રાગપુર | સાંતાક્રુઝ |
| મા. ગાંગબાઈ ગાંગજી દેવજી દેઢિયા | ૯૧ | કાંડાગરા | મુલુંડ |
| મહેન્દ્ર ગાંગજી આસુ ગંગર | ૫૮ | મોટી ખાખર | ડોંબિવલી |
| હિતેન્દ્ર મેઘજી મણશી મારૂ | ૬૩ | હાલાપુર | મલુંડ |
| રમેશ મુરજી વેરશી ગોગરી | ૬૮ | ભુજપુર | વસઈ |
| અમૃતલાલ શામજી લખમશી મોતા | ૭૨ | દેવપુર | ચેમ્બુર |
| ચુનીલાલ ધનજી દેઢિયા | ૮૦ | દેશલપુર (કંઠી) | નલિયા |
| રામજી ટોકરશી વેલજી લાપસિયા | ૯૦ | કોડાય | નવી મુંબઈ |
| મા. હીરબાઈ દામજી શામજી છેડા | ૯૩ | ગુંદાલા | મલાડ |
| વૈશાલી પરેશ લક્ષ્મીચંદ ગાલા | ૪૬ | દેવપુર | બાંદરા |
| રમણીકલાલ રતનશી મોનજી છેડા | ૬૬ | કાંડાગરા | શિવડી |
| હસમુખ હીરજી તલકશી છેડા | ૬૮ | પત્રી | ભાઈંદર |
| રતનશી કુંવરજી દેવશી વોરા | ૭૧ | નવીનાર | વસઈ |
| ખેરાજી નાગજી શામજી વીરા | ૮૧ | દેવપુર | દેવપુર |
| મા. નાનબાઈ કેશવજી વેલજી ગડા | ૮૯ | ગુંદાલા | ગુંદાલા |
| પુષ્પા (દેવપુરનાં ચંચળબેન સોજપાર | ૫૩ | - | ડોંબિવલી |
| હરિયાની પુત્રી) | | | |
| રમેશ લખમશી પદમશી ગાલા | ૬૨ | ખારૂઆ | નાલાસોપારા |
| પ્રેમજી વેલજી માડણ ગોગરી/શાહ | ૮૯ | દુર્ગાપુર | બાંદરા |
| ગિરીશ લક્ષ્મીચંદ નાનજી ગડા | ૫૨ | મેરાઉ | ઘાટકોપર |
| મહેન્દ્ર ભવાનજી લાલજી ગોસર | ૬૧ | મોટા રતાડિયા | વડોદરા |
| નવીન લાલજી દેવજી ગાલા | ૬૯ | કાંડાગરા | અંધેરી |
| ડૉ. ધીરજ નાગશી રતનશી છેડા | ૭૫ | બિદડા | ચુનાભટ્ટી |
| વેલબાઈ ધીરજલાલ વેલજી કેનિયા | ૮૦ | મોટી ખાખર | મલાડ |
| જાદવજી રામજી મુરજી સાવલા | ૮૩ | મો. આસંબિયા | થાણા |
| હીરજી તેજશી જીવરાજ દેઢિયા | ૮૯ | તલવાણા | ગોરેગામ |
| જયશ્રી (નરેડીનીં દેવકાંબેન મણશી | ૪૩ | | વસઈ |
| નાગડાની પુત્રી) | | | |
| સંજય નેમચંદ ડુંગરશી દેઢિયા | ૫૯ | નાની ખાખર | દેવલાલી |
| નિર્મળાબેન (ડુમરાનાં રતનબેન | ૬૫ | - | વડોદરા |
| લાલજી ગાલાની પુત્રી) | | | |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. રાજુલબેન મણિલાલ નાનજી દેઢિયા | ૭૦ | મો. લાયજા | ડોંબિવલી |
| પ્રવીણ નાનજી ગડા | ૭૩ | રાયણ | ભાઈંદર |
| મા. કેસરબેન જીવરાજ ઠાકરશી દેઢિયા | ૮૬ | ગુંદાલા | બોરીવલી |
| જીતેશ લક્ષ્મીચંદ દેવશી સંગોઈ | ૪૧ | કપાયા | ગોરેગામ |
| અ.સૌ. વિમળાબેન નવીન દામજી સાવલા | ૭૧ | ભુજપુર | ઘાટકોપર |
| મગનલાલ હરશી દેઢિયા | ૭૨ | ભારાપુર | મીરા રોડ |
| ગ.સ્વ. લક્ષ્મીબેન મુરજી વિશનજી છેડા | ૯૨ | ગોધરા | ગાંધીધામ |
| મા. હંસાબેન નાનજી ગણપત વોરા | ૮૫ | ગોધરા | સાંતાક્રુઝ |
| હેમલતા શિવજી રવજી શાહ/સાવલા | ૮૭ | દુર્ગાપુર | માટુંગા |
| લક્ષ્મીચંદ ખીમજી જીવરાજ સંગોઈ | ૮૭ | લાખાપુર | કાંદિવલી |
| નિતેશ કેશવજી ભારમલ ગોગરી | ૪૬ | મોખા | કાંદિવલી |
| દિનેશ વીરજી કુંવરજી ખીમસરિયા | ૫૬ | મોટી ઉનડોઠ | ડોંબિવલી |
| જયંતીલાલ ઠાકરશી હંસરાજ ધરોડ | ૭૪ | પત્રી | કાંદિવલી |
| સુશ્રાવિકા સરલાબેન ભવાનજી વેલજી મામણિયા | ૭૬ | કુંદરોડી | મલાડ (૬૦ ઉ) |
| હરિલાલ રવજી કેશવજી વોરા | ૭૮ | ગેલડા | બોરીવલી |
| મા. સાકરબેન હીરજી વેરસી સાવલા | ૯૬ | દેશલપુર (કંઠી) | મુલુંડ |
| તનસુખભાઈ હેમરાજ હંસરાજ સાવલા | ૭૩ | વાંકી | ચેન્નાઈ |
| નેમચંદ જીવજી વિધુ ગાલા | ૮૦ | કાંડાગરા | માંડવી (૨ ઉ) |
| ખેતબાઈ રવજી કાનજી ગાલા | ૮૨ | વડાલા | ભાઈંદર |
| અ.સૌ. હંસાબેન રામજી ખેતશી દેઢિયા | ૮૪ | ભુજપુર | દાદર |
| લક્ષ્મીબેન મેઘજી નાનજી છેડા | ૯૩ | પત્રી | ડોંબિવલી |
| ધીરેન ધનજી ચનાભાઈ ગાલા | ૪૬ | કાંડાગરા | મુલુંડ |
| સુનીતા ચંદ્રકાંત કાનજી ગાલા | ૬૦ | દેવપુર | દેવપુર |
| લહેરચંદ પ્રેમજી ગાલા | ૬૨ | દેવપુર | વરલી |
| મણિબેન શાંતિલાલ કેશવજી સાવલા | ૭૭ | ભારાપર | નાલાસોપારા |
| નિર્મલા હીરજી ખીંયશી ગોગરી | ૮૧ | કપાયા | મલાડ |
| વીરજી પદમશી ગાલા | ૮૬ | ખારૂઆ | ડોંબિવલી |
| વિપુલ શામજી દામજી છેડા | ૫૩ | દેશલપુર (કંઠી) | કોપરખૈરણે |
| શરદ ચુનીલાલ હંસરાજ શેઠિયા | ૬૨ | છસરા | ગાંધીધામ |
| મણિબેન પદમશી ઠાકરશી વિકમાણી | ૭૨ | કોટડા (રોહા) | વિક્રોલી (૧ઉ) |
| સુંદરબેન મુલચંદ કેશવજી ગોગરી | ૭૮ | નાના ભાડિયા | બોરીવલી |
| તારામતી ભવાનજી ખીમજી ગોસર | ૮૧ | વીઢ | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હરીશ કાનજી ચાંપશી ગોગરી | ૬૮ | વડાલા | બોરીવલી |
| વિનોદ ઠાકરશી મેઘજી ગાલા | ૭૪ | બિદડા | નાલાસોપારા |
| રતનબેન કાંતિલાલ દેવરાજ હરિયા | ૭૪ | બિદડા | મુલુંડ |
| ચંચળબેન ભવાનજી ઠાકરશી શેઢિયા | ૭૮ | વડાલા | ગોરેગામ |
| લક્ષ્મીબેન ઉમરશી લાલજી સાવલા | ૮૨ | રાયણ | પરેલ |
| બા.બ્ર. તેજબાઈ ઉમરશી કાનજી લાપસિયા | ૭૫ | કાંડાગરા | કાંડાગરા |
| ચંદ્રકાંત શામજી રવજી રાંભિયા | ૫૬ | રામાણિયા | વિરાર |
| ધીરેન શાંતિલાલ નાનજી ગડા | ૫૭ | મોટી રાયણ | કાંદિવલી |
| લખમશી રામજી વેરશી દેઢિયા | ૬૪ | ભુજપુર | કાંદિવલી |
| કલ્યાણજી ચુનીલાલ લખમશી ગાલા | ૭૦ | બાડા | વસઈ |
| સાકરબેન રાઘવજી જાદવજી ધરોડ | ૭૫ | પત્રી | અંધેરી (૭ ઉ.) |
| રમણીકલાલ શામજી કેશવજી નિસર | ૭૭ | વડાલા | કાંદિવલી |
| મા. દેમુબેન જખુ કાનજી છેડા | ૯૦ | ગુંદાલા | મુલુંડ (૨૧ઉ.) |
| રતનશી પુંજા ભીમશી કારાણી | ૯૧ | ડુમરા | ગુલબર્ગા |
| હેમલતા શાંતિલાલ મુરજી પોલડિયા | ૬૪ | તલવાણા | પુના |
| પ્રવીણચંદ્ર પાસુભાઈ શહાનંદ | ૭૫ | ડુમરા | અમદાવાદ |
| સુશીલા અમૃતલાલ દેવશી ગોગરી | ૭૫ | નાગલપુર | પુના |
| અમૃતલાલ લખમશી ડુંગરશી સાવલા | ૭૮ | મોથારા | વિદિશા() |
| સુરેન્દ્ર ગાંગજી દેવજી ગંગર | ૬૪ | છસરા | સાંગલી |
| પ્રેમજી કુંવરજી ટોકરશી ગોગરી | ૭૧ | ટોડા | ઘાટકોપર |
| નિર્મળા ડુંગરશી લખમશી ગાલા | ૭૧ | સાડાઉ | પનવેલ |
| હરીશ વશનજી વેલજી શાહ (દેઢિયા) | ૭૨ | દુર્ગાપુર | થાણા |
| અ.સૌ. નિર્મળા ચંદ્રકાંત મોરારજી ગાલા | ૭૮ | રાયધણજર | સુરત |
| ભાનુમતી નાનજી ચના છેડા | ૮૪ | કુંદરોડી | ચેમ્બુર |
| | | | |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પ.પૂ.શ્રી શારદાબાઈ મહાસતીજી | ૯૫ | | |
| સાધ્વીશ્રી જ્યોતિષ્પ્રભાશ્રીજી મ. સા. | ૮૮ | | |

# તૂં ધૂડ઼ વારે છડ હાંણોં....

હે મન ગઠ વાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
ખોટા વિચાર માર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
મિણી ગાલીએં કીં ખુલાસા થોડા જ હુએં
તૂં જ તૉકે સાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
બોલ ભંધૂકે સેં ઠો કૈયેં કૈંક સજણ
રખે મૌન જી તરાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
ફિગાય થુકધાની મેં વાંધા વચકા જોર સેં
ભૂલ મિડ઼ે તકરાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
સમાધાનજી પાણ પૅરે સોભધો જીયણ જડેં
કંકાસ કે કઢ બાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં
પીણાં પૅં ખારાં મેણાંટોણાં પીએ 'મન' ભલે
જિભ સકર રખે ગાર, તૂં ધૂડ઼ વારે છડ હાંણોં

- મનીષા અજય વીરા 'મન'


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨

**પગદંડી**

અંક : ૦૫ ઑગસ્ટ - ૨૦૨૧

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :ksevasamaj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) AUGUST 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022


# DIVERSE RANGE
## UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

**Trusted Products, Proven Expertise.**



MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS



AUTOMOTIVE COMPONENTS



INFRASTRUCTURAL FURNITURE PARTS

## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.